Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 238 Dt.20-07-2022 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# અમદાવાદમાં ચિરિપાલ ગ્રુપ પર આવક વેરાના સાગમટે દરોડા




રાજકોટની આઈટીની ત્રણ ટીમ પણ સામેલ, કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો મળવાની આશંકા

## શહેરમાં વિવિધ ૪૦ સ્થળે આવેલી ગ્રુપની કચેરી અને આવાસોમાં સવારથી સઘન ચેકિંગ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૦

ટેક્ષટાઈલ અને શિક્ષણ ક્ષેત્રમાં બહુ મોટું નામ ધરાવતા ગુજરાતના એક બહુ જાણીતા ચિરિપાલ ગ્રુપ પર ઈન્કમટેક્ષ ખાતાના અધિકારીઓના મોટા કાફલાએ સવારથી શ્રેણીબદ્ધ દરોડા પાડી ચેકિંગ શરૂ કરતા અમદાવાદની વેપારી આલમમાં હલચલ મચી ગઈ છે. અમદાવાદમાં ૩૫ થી ૪૦ સ્થળે ગ્રુપની કચેરીઓ, આવાસો અને ધંધાકીય સ્થળો પર આવકવેરાનાં અધિકારીઓ ત્રાટક્યા છે અને મેગા સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો મળવાની આશંકા છે.

આજે સવારથી આવકવેરા ખાતાના રાજકોટ સહિતના અધિકારીઓના મોટા કાફલાએ ચિરિપાલ ગ્રુપના સ્થળો પર દરોડાની રફતાર શરૂ કરી હતી. બોપલ રોડ પર આવેલી ગ્રુપની મુખ્ય ઓફીસ પર સવારે દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં વેદપ્રકાશ ચિરિપાલ, બ્રિજમોહન ચિરિપાલ અને ભાગીદારોની કચેરીઓ આવેલી છે. ગ્રુપની ૩૫ થી ૪૦ સ્થળે આવેલી ઓફીસ અને આવાસો પર એકસાથે દરોડા પાડી ચેકિંગ કરવામાં આવી રહ્યું છે તેમ આવકવેરા અધિકારીએ જણાવ્યું હતું.

અમદાવાદ ઉપરાંત સુરતમાં પણ ગ્રુપની કચેરીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. અમદાવાદમાં આંબલી અને શિવરંજની સહિતની ઓફિસમાં તપાસ ચાલી રહી છે. આ કંપની ટેક્ષટાઈલ, કેમિકલ્સ, રીયલ એસ્ટેટ અને શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલી છે. ચિરિપાલ સહિત નંદન ડેનીમ અને વિશાલ ડેનીમના સ્થળો પર પણ દરોડા પાડીને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ગ્રુપ પર દરોડાને પગલે વેપારીઓ અને ઉદ્યોગ જૂથોમાં હલચલ મચી જવા પામી છે.

ચિરિપાલ ગ્રુપના દફતરો ઉપરાંત તેના સંચાલકો વેદપ્રકાશ, બ્રિજમોહન, જ્યોતિપ્રકાશ, વિશાલ અને રોનક ચિરિપાલના નિવાસી સ્થાનો ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા છે અને દસ્તાવેજોનું ચેકિંગ કરવામાં આવ્યું છે. આ ગ્રુપનું બહુ મોટું નામ હોવાથી અને મોટાપાયે વ્યવસાય હોવાથી રાજકોટ ઈન્કમટેક્ષની ત્રણ ટીમો પણ તપાસમાં જોડાઈ છે. સુરત અને અમદાવાદના આઈટી અધિકારીઓ પણ કાફલામાં જોડાયા છે. મેગા સર્ચ

(અનુ.પાના નં.૪ ઉપર)

# હરિયાણા અને ઝારખંડ બાદ ગુજરાતમાં પોલીસ પર ટ્રક ચડાવી દેવાયો

બોરસદ પાસે હાઈ–વે ચેકીંગ પર રહેલા પોલીસ કોન્સ્ટેબલ પર ટ્રક ચડાવી દેવાતા મોતઃ ચાલક ફરાર



રાજકોટ,તા. ૨૦

હરિયાણામાં ખાણ માફિયાઓ દ્વારા ડીએસપીને કચડી નાખવાની ઘટના બાદ બિહારમાં પણ એક મહિલા પોલીસ અધિકારીને કચડી નાખવાની ઘટના બાદ હવે ગુજરાતમાં પણ ગઇકાલે રાત્રે આણંદના બોરસદ પાસે એક પોલીસ કર્મચારીને ચેકીંગ સમયે ટ્રક ચાલક દ્વારા કચડી નખાયા હોવાનું જાહેર થયું છે.

બોરસદના હાઈ-વે પર ચેકીંગમાં રહેલા ગુજરાત પોલીસના કર્મચારી કિરણ રાજે ટ્રકને રોકવાની કોશિષ કરી પરંતુ ટ્રક ડ્રાઈવરે પોલીસ સૂચનાને માનવાને બદલે પોલીસ કર્મચારી પર ટ્રક ચડાવી દીધો હતો. ગઇકાલે જ હરિયાણામાં એક ડીએસપીને ખાણ માફિયાઓએ કચડી નાખ્યા બાદ ચેકીંગ સમયે ગુજરાતમાં બનેલી આ ઘટનાને આણંદના એસપી

(અનુ.પાના નં.૪ ઉપર)

# રવિવારે અમિત શાહ ગુજરાત પ્રવાસે આવશે

નવી દિલ્હી, તા.૨૦

ગાંધીગનર લોકસભાના સાસંદ અમિત શાહ ૨૪ જુલાઇના રોજ ગુજરાતમાં આવશે. તેઓ અમદાવાદમાં ભોપલ-ઘુમા વોટર સપ્લાય પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. આ સિવાય અમિત શાહ દ્વારા ૨૫૦ કરોડના અન્ય વિકાસના કામોનું લોકાર્પણ પણ કરવામાં આવશે. કેન્દ્રીયમંત્રી આ સિવાય ગુજરાત ગૃહ વિભાગની ઓનલાઇન એફઆઇઆર રજીસ્ટ્રેશનનું પણ લૉંચિંગ કરશે. આ સિવાય ગાંધીનગરમાં પણ અન્ય પ્રોજેક્ટનું લોકાર્પણ તેમના દ્વારા કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ ફરી જુલાઇમાં ગુજરાતની મુલાકાતે આવશે. ગુજરાતની મુલાકાત દરમિયાન તે ગાંધીનગર અમદાવાદમાં વિવિધ વિકાસના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.(૯)

# ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાતીમાં એન્જીનીયરીંગ કરી શકશે

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં ૧૩૨ એન્જીનીયરીંગ કોલેજ, ૧૦૦ જેટલી પોલીટેક્નિક, ૬૫ ફાર્મસી, ૭૫ મેનેજમેન્ટની કોલેજ છે. તમામ જગ્યાએ એન્જીનીયરીંગનો કોર્સ અંગ્રેજી માધ્યમમાં થાય છે. ગત વર્ષે એઆઈસીટી દ્વારા દેશભરમાં એન્જીનીયરીંગનો કોર્ષ જે તે રાજ્યની ભાષામાં શરૂ કરવા જણાવ્યું હતું.

જેને લઈને જીટીયુ એ તમામ કોલેજને પત્ર લખ્યો હતો પરંતુ કોઈ ગુજરાતીમાં કોર્ષ શરૂ કર્યો ન હતો. તમામ કોલેજની આ બેઠક ના ભરાય તેવો ડર હતો જેના કારણે જીટીયુ એ પોતાની જ મહેસાણા ખાતે આવેલી સંસ્થામાં ૧૨૦ બેઠક પર એન્જીનીયરીંગ કોર્ષ શરૂ કરવાનું નક્કી કર્યું છે.



સિવિલ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અને કોમ્પ્યુટર એન્જીનીયરીંગની ૩૦-૩૦ એમ ૧૨૦ બેઠક પર ગુજરાતીમાં એન્જીનીયરીંગ ભણાવવામાં આવશે. અનેક નાના દેશ પોતાની ભાષામાં એન્જીનીયરીંગ ભણાવે જ છે. અમે નિષ્ણાતોનો અભિપ્રાય લીધો જ છે. આ ઉપરાંત ગામડાના વિદ્યાર્થીઓને એન્જીનીયરીંગ

(અનુ.પાના નં.૪ ઉપર)

# છૂટક વેચાણ થતું હોય એવા ૧૪ ખાદ્ય પદાર્થોને જીએસટીથી મુક્તિ

નાણામંત્રી નિર્મલા સિતારમણની સ્પષ્ટતા, દાળ, કઠોળ, ઘઉં, ચોખા, લોટ, દહીં અને લસ્સી કોઈ પેકિંગ કે લેબલ વગર છૂટક વેચાતા હોય તેના પર વેરો નથી



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૦

ખાદ્ય પદાર્થો પર પહેલીવાર પાંચ ટકા જીએસટી લાગુ થવાને કારણે દેશભરમાં હોબાળો મચી જતા કેન્દ્રનાં નાણામંત્રી નિર્મલા સિતારમણે એવી મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે કે, ૧૪ એવા ખાદ્ય પદાર્થો અને ચીજો છે જેનું છૂટક વેચાણ થતું હોય તો તેના પર કોઈ જીએસટી લાગુ કરવામાં આવ્યો નથી.

જનહિતમાં ચોખવટ કરતા નાણામંત્રી એ જણાવ્યું છે કે, દાળ, કઠોળ, ઘઉં, ચોખા, લોટ, રવો, રાય, બેસન, દહીં, લસ્સી જેવી ચીજો કોઈ પ્રિ-પેકિંગ કે લેબલ વગર છૂટક વેચાતી હોય તો તેના પર

(અનુ.પાના નં.૪ ઉપર)

# બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ, ઉતર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

ફરીથી નવી વરસાદી સિસ્ટમ સક્રિયઃ સ્થાનિક તંત્ર એકદમ સાવધ; ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદ થવાનો હવામાન ખાતાનો વર્તારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ગુજરાતમાં આગામી શુક્ર અને શનિવારે સૌરાષ્ટ્ર- કચ્છ તેમજ ઉત્તર ગુજરાતમાં મધ્યમથી માંડીને ભારે વરસાદ થવાની આગાહી થઇ છે. હવામાન ખાતાનો વર્તારો જણાવે છે કે, ૨૨ મી જુલાઈથી વરસાદની નવી સિસ્ટમ ફરી સક્રિય થઇ રહી છે. આજે બુધવારે રાજ્યમાં બનાસકાંઠા જિલ્લામાં સવારથી મેઘરાજાએ જોરદાર આગમન કર્યું છે. તંત્ર એલર્ટ કરવામાં આવ્યું છે. અધિકારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા આદેશ આપવામાં આવ્યો છે.

હવામાન ખાતાની યાદી મુજબ શુક્રવારે સૌરાષ્ટ્ર- કચ્છમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થઇ શકે છે. ત્યારે શનિવારથી અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શકયતા છે. પાટણ અને મહેસાણામાં અતિભારે વરસાદ પડી શકે છે. છોટા ઉદેપુર, અરવલ્લી, મહીસાગર, ખેડા, પંચમહાલ, આણંદ, વડોદરા, દાહોદ, વલસાડ, દમણ વગેરે સ્થળે મંગળવાર સુધીમાં ભારે વરસાદ થવાની આગાહી થઇ છે.

વડોદરામાં આજે વરસાદે વિરામ લીધો છે એટલે વિશ્વામિત્રી નદીની સપાટી ભયજનક આંકથી નીચે આવી ગઈ છે. એટલે વડોદરા પરથી પુરનો ખતરો ટળી ગયો છે. બીજીતરફ

(અનુ.પાના નં.૪ ઉપર)



# સરકારી જમીનો પર દબાણ કરનારા સામે લેન્ડગ્રેબિંગ એક્ટ મુજબ કાર્યવાહી

ગેરકાયદે દબાણો સામે સખત પગલા લેવા, દરેક જિલ્લામાં સરકારી પ્લોટનું લીસ્ટ તૈયાર કરવા, ગેરકાયદે ઈમારતોના વીજ જોડાણ સહિતની તમામ સેવા બંધ કરવા તમામ જિલ્લા કલેક્ટરોને મહેસુલ મંત્રાલયનો આદેશ




(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં સરકારી જમીનો પર બેફામ દબાણ સામે સરકાર હવે ગંભીર બની હોય તેમ પ્રથમ વખત આવા તત્વો સામે લેન્ડગ્રેબિંગ કાયદાનું હથિયાર ઉગામવા અને તાત્કાલીક અસરથી નળ-વીજ જોડાણ સહિતની સેવાઓ કાપી નાખવાના આદેશ કરવામાં આવ્યા છે. રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા પ્રથમ વખત સરકારી જમીન પરના દબાણ સામે આક્રમક વ્યૂહ અપનાવીને લેન્ડગ્રેબિંગ કાયદાની જોગવાઈઓ લાગુ પાડવા માટે રાજ્યભરના જિલ્લા કલેક્ટરોને સૂચના આપવામાં આવી છે અને આ અંગેનો પરિપત્ર ઇસ્યુ કરવામાં આવ્યો છે. સરકારી જમીનમાં ખડકાયેલા કોમર્શીયલ અને ઔદ્યોગિક એકમોને તાત્કાલીક અસરથી વીજળી સહિતની નાગરિક સેવા બંધ કરી દેવાની પણ તાકીદ કરવામાં આવી છે.

૧૬મી જૂને મહેસુલ વિભાગના નાયબ સચિવ બી.આર. ભમ્મરની સહીથી ઇસ્યુ થયેલા આ પરિપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે, તમામ જિલ્લાના સર્કલ ઓફીસરોને સરકારી પ્લોટની સંખ્યા ચકાસવાની જવાબદારી સોંપવામાં આવે, દર મહિને તેનો રિપોર્ટ કલેક્ટરોને સોંપવામાં આવે, સરકારી પ્લોટમાં દબાણ છે કે કેમ તેની વિગતો સાથેનો રિપોર્ટ સરકારને પહોંચાડવામાં આવે. સર્કલ ઓફિસર કે મામલતદાર જેવા મહેસુલી અધિકારીઓને સરકારી પ્લોટનું વીડિયોગ્રાફી કરીને ફેન્સીંગ કરવાની પણ સૂચના આપવામાં આવી છે. વીડિયોગ્રાફીના આધારે સરકારી જમીનના સ્ટેટસનો પૂરાવો આપવાનો રહેશે. જિલ્લા કલેક્ટરોએ નિયમિત રીતે સરકારી જમીનના ઇન્સ્પેકશનના આદેશ કરવાના રહેશે અને કોઇ દબાણ માલુમ પડવાના સંજોગોમાં સર્કલ ઇન્સ્પેક્ટર અને મામલતદાર સામે ખાતાકીય પગલા લેવાના રહેશે. પરિપત્રમાં એવી પણ તાકીદ કરવામાં આવી છે કે દરેક જિલ્લાનાં સરકારી પ્લોટનું લીસ્ટ તૈયાર કરવામાં આવે અને તેનો સ્ટેટસ રિપોર્ટ બનાવવામાં આવે. કોઇપણ પ્લોટમાં દબાણ હોય તો જિલ્લા કલેક્ટર દ્વારા લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવે. મહેસુલ વિભાગ દ્વારા તમામ જિલ્લામાં ખાસ ટાસ્ક ફોર્સ તૈનાત કરવામાં આવી છે અને દબાણ સામે કાર્યવાહી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા કલેક્ટરોએ સરકારી જમીનના દબાણ મામલે કોર્પોરેશન, નગરપાલિકા અને અન્ય સંબંધીત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે બેઠક કરીને ગેરકાયદે ખડકાયેલી ઇમારતોની વીજળી સહિતની સેવા અટકાવવા માટેની સૂચના આપવાની રહેશે.(૯)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
–:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ–
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# શેરબજારઃ સેન્સેકસ ૭૦૦ પોઈન્ટ ઉંચકાઈને ૫૫૦૦૦ની સપાટીને પાર



(એજન્સી સમાચાર)

મુંબઇ: શેરબજારમાં તેજી તરફી કૂચ હોય તેમ આજે ઉઘડતામાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. રીલાયન્સ, હિન્દ લીવર, ઓએનજીથી જોવા હેવીવેઈટ શેરોની હુંફે ધુમ લેવાલીથી સેન્સેકસ પ્રારંભિક કામકાજમાં ૭૫૦ પોઈન્ટ ઉછળ્યો હતો.

સેન્સેકસ ઉંચામાં ૫૫૫૨૩ તથા નીચામાં ૫૫૩૧૩ થઈને ૫૫૪૦૦ સાંપડ્યો હતો. નેશનલ સ્ટોક એક્ષચેન્જનો નિફ્ટી ૧૯૧ પોઈન્ટના ઉછાળાથી ૧૬૫૩૧ હતો તે ઉંચામાં ૧૬૫૬૫ તથા નીચામાં ૧૬૫૦૧ હતો.

વિદેશી નાણાં સંસ્થાઓ ખરીદી કરવા લાગી હોવાથી તથા સરકારે વિન્ડફોલ ટેકસ ઘટાડતા આર્થિક સંકટ હળવુ થયાના સંકેતથી તેજીને ટેકો મળ્યો હતો.(૯)

# શુક્રવારે સમગ્ર ગુજરાતમાં ખાનગી હોસ્પિટલોની હડતાલ

ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા હડતાલનું એલાનઃ ઓપીડી અને ઈમરજન્સી તમામ મેડિકલ સેવાઓ બંધ રહેશે



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૦

આવતી તા.૨૨ જુલાઈ શુક્રવારના રોજ ગુજરાતમાં તમામ ખાનગી હોસ્પિટલોમાં એક દિવસની હડતાલ રહેશે. ઇન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા આજે આ જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યભરમાં હજારો ખાનગી હોસ્પિટલ શુક્રવારે બંધ રહેશે. એસોસિએશને જાહેર કર્યા મુજબ શુક્રવારે ઓપીડી અને ઈમરજન્સી તમામ પ્રકારની કામગીરી બંધ રાખવામાં આવશે અને રાજ્યભરની ખાનગી હોસ્પિટલો એક દિવસની હડતાલમાં જોડાશે. ઈમરજન્સી તબીબી સેવાઓ પણ બંધ રહી હોય એવું ગુજરાતમાં પહેલીવાર બનશે. હડતાલને કારણે એક દિવસ માટે ખાનગી દવાખાનાઓમાં તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ સ્થગિત થઇ જશે. ફાયર એનઓસી સહિતના મુદ્દાઓ પર હડતાલનું એલાન આપવામાં આવ્યું છે.(૨.૧૨)

મોકાની ઓફીસ વેચવાની છે
રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.
સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

**આજે રાત્રે સુરત પહોંચશે, કાલે જનસંમેલનમાં જનતાને પહેલી ગેરંટી આપશેઃ આપ**

# અરવિંદ કેજરીવાલ ફરી ગુજરાતની મુલાકાતેઃ 'મફત વીજળી'નો વાયદો કરે એવી ધારણા

## આગામી વિધાનસભા ચૂંટણી સંદર્ભે કાલે આમઆદમી પાર્ટીનાં નેતાઓ સાથે મહત્વની સમીક્ષા બેઠક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી હોવાથી મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષો મેદાને આવી ગયા છે. આ વખતે તો શાસક ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ સામે ત્રીજો પક્ષ આમ આદમી પાર્ટીએ પણ જુસ્સાભેર ચૂંટણી લડવાનો તખ્તો તૈયાર કરી લેતાં ત્રિપાંખીયો જંગ ખેલાવાનો માહોલ સર્જાઈ ચૂકયો છે.

દિલ્હી બાદ પંજાબ રાજયમાં શાસનધૂરા કબ્જે કરનાર આમ આદમી પાર્ટીએ હવે ગુજરાત પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે આ માટે 'આપ'ના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ આજે ફરી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આજે રાત્રે સુરત પહોંચ્યા બાદ આવતીકાલે તા.૨૧મીએ જનસંમેલનમાં ગુજરાતની જનતાને



દિલ્હી મોડલ આધારીત પહેલી ગેરંટી આપશે. જેમાં 'મફત વીજળી'નો વાયદો કરે એવી ધારણા છે.

આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું, છે કે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આવતીકાલે ૨૧ જુલાઈએ ગુજરાતની જનતાને પહેલી ગેરંટી આપશે. આ સાથે ગુજરાતમાં આગામી ચૂંટણીને લઈને ગુજરાતના રાજ્ય સંગઠન સાથે સમીક્ષા બેઠક પણ કરશે.

આ કાર્યક્રમ માટે અરવિંદ કેજરીવાલ આજે ૨૦ જુલાઈએ રાત્રે ૮:૩૦ કલાકે સુરત એરપોર્ટ પર પહોંચશે. ત્યારબાદ આવતીકાલે બીજા દિવસે ૨૧મી જુલાઈના રોજ મીડિયા અને ગુજરાતની જનતાની સામે મોટી જાહેરાત કરશે. આ પછી અરવિંદ કેજરીવાલ સાંજે ૪.૩૦ કલાકે દિલ્હી જવા રવાના થશે.

અગાઉ અરવિંદ કેજરીવાલ અમદાવાદ આવ્યા હતા ત્યારે તેમણે વીજળીના મુદ્દે જનતા સાથે જનસંવાદ કર્યો હતો અને ગુજરાતની જનતા સમક્ષ દિલ્હી મોડલ રજૂ કર્યું હતું.

જેમાં અરવિંદ કેજરીવાલે ગુજરાતની જનતાના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ગુજરાતની જનતાએ પણ અરવિંદ કેજરીવાલના દિલ્હી મોડલના વખાણ કર્યા હતા અને ગુજરાતમાં પણ આવી જ વ્યવસ્થા હોવી જોઈએ તેમ જણાવ્યું હતું.

## શહેરમાં વિવિધ સ્થળો પર સી.આર. પાટીલને અભિનંદન આપતા બેનરો લગવાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ સંપૂર્ણ સમર્પણ અને પ્રમાણિક્તાથી ગુજરાત ભાજપના સંગઠનને દેશનું સર્વશ્રેષ્ઠ સંગઠન બનાવવા માટે પ્રયત્નશીલ રહ્યા છે. ત્યારે સી.આર.પાટીલના નેતૃત્વમાં ગુજરાત ભાજપનું સંગઠન વધુ મજબુત બન્યું છે, ત્યારે વિચારધારને સમર્પિત અને પક્ષ માટે પરિશ્રમી એવા સી.આર.પાટીલને પ્રદેશ અધ્યક્ષપદે બે વર્ષ પૂર્ણ થવા બદલ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહરે ભાજપ દ્વારા શહેરના મુખ્ય રાજમાર્ગો- મુખ્ય ચોક ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલને પ્રદેશ અધ્યક્ષ તરીકે બે વર્ષ પૂર્ણ થવા બદલ અભિનંદન આપતા બેનરો લગાવી અભિવાદન કરાયેલ હતું. (૧૩)

## જિલ્લા પંચાયતના સદસ્યો દ્વારા ૯ લાખની ગ્રાન્ટ ફાળવાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

ગત તા.૧૭ના રોજ કણકોટના પેટાપરા ગામ કૃષ્ણનગરના મુક્તિધામે પેવિંગ બ્લોક તેમજ કંપાઉન્ડવોલ મળી રૂ.૯,૦૦,૦૦૦ની ગ્રાન્ટ જિલ્લા પંચાયત સદસ્ય દ્વારા ફાળવાઇ. આ કામનું ખાતમુહૂર્ત જિલ્લા પંચાયત સદસ્ય સુમિતાબેન ચાવડા અને રાજાભાઈ ચાવડા દ્વારા કરવામાં આવેલ. આ તકે તાલુકા પંચાયત પૂર્વ સદસ્ય જીતુભાઈ દાફડા, હસુભાઈ વેકરીયા સરપંચ તેમજ ઉપસરપંચ હરિભાઈ ગમારા તેમજ ગામ આગેવાનો દિનેશભાઈ વિરાણી, અરજણભાઈ વિરાણી, પરેશભાઈ વ્યાસ, લાલજીભાઈ વિરાણી, વાલજીભાઈ વિરાણી, મનીષભાઈ વિરાણી, દિનેશભાઈ ગોલતર, મનીષભાઈ ગોલતર, પ્રદીપભાઈ, ચંદ્રેશભાઇ વેકરીયા વગેરે ગ્રામજનો જોડાયેલા હતા.

આ કામગીરીને વધાવી અને શુભેચ્છા પાઠવેલ હતી. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

## શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારા પદમકુંવરબા હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રુટ વિતરણ કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

પેજસમિતિના પ્રણેતા સી.આર. પાટીલને ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે પોતાના કાર્યકાળના પે વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય તે અંતર્ગત ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયેલ હતા. તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારા ગુંદાવાડી સ્થિત પદમકુંવરબા હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવેલ હતું.

## રોડ પર ફૂલનું વેચાણ નહીં કરવા મેયરની તાકીદ

### ફલાવર માર્કેટના થડાનો ડ્રો કરાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

શહેરમાં રસ્તા પર બેસી ફેરિયાઓ ફૂલ વેચાણ કરે છે. ફૂલનું વેચાણ કરતા આ ફેરિયાઓને વેચાણ માટેની સુવિધા મળે તે માટે મનપા દ્વારા રામનાથપરા વિસ્તારમાં નવી ફ્લાવર માર્કેટનું નિર્માણ કરવામાં આવેલ છે. સદરહુ માર્કેટમાં કુલ ૮૩ થડાઓ બનાવવામાં આવેલ છે.

આજે મેયર ડો. પ્રદિપ ડવ અધ્યક્ષ સ્થાને લાભાર્થીઓની ઉપસ્થિતમાં થડા ફાળવણી નંબર ડ્રો કરવામાં આવ્યો. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ડે.મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટે.ચેરમેન પુષ્કરભાઇ પટેલ, માર્કેટ સમિતિ ચેરમેન દેવુબેન જાદવ, ડે.કમિશનર એ.આર.સિંહ, મ્યુનિસિપલ સેક્રેટરી ડો. હરીશ રૂપારેલીઆ, આસી. કમિશનર એચ.કે. કગથરા, આસી.મેનેજર બી.એલ.કાથરોટીયા પી.એ.ટુ ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી હિમાંશુ મોલીયા તથા ફૂલ માર્કેટના લાભાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મેયર ડો. પ્રદિપ ડવએ તમામ લાભાર્થીઓને શુભેચ્છા આપતા જણાવ્યું કે, મનપા દ્વારા જરૂરી સુવિધા સાથે ફૂલ માર્કેટ બનાવામાં આવેલ છે. શહેરના રેકડી મારફત ધંધો કરતા વેપારીઓ માટે જુદા જુદા વિસ્તારમાં હોકર્સ ઝોન પણ બનાવવામાં આવેલ છે.

મનપા દ્વારા થડાઓ સોપ્યા બાદ રોડ પર બેસીને ફૂલનું વેચાણ નહીં કરવા મેયરએ તાકીદ કરેલ હતી. આજે સી કેટેગરીના ૩૩ લાભાર્થીઓ અને બી કેટેગરી ૩ મળી કુલ ૩૬ લાભાર્થીઓને પદાધિકારીઓ અને અધિકારીઓના હસ્તે ચિઠ્ઠી ખેચીને થડા નંબર ફાળવણી ડ્રો કરવામાં આવેલ છે. (૧૩)

## વિંછીયાના થોરીયાળી ગામે દૂધ ભરેલ ટેન્કર પલ્ટી ગયુ

જસદણ : વિંછીયા તાલુકાના થોરીયાળી ગામની ગોમાં નદીના પુલ પરથી દૂધ ભરેલ એક ટેન્કર નીચે ખાબકતા હજારો લીટર દૂધ નદીમાં વહી ગયું હતું. પ્રામ વિગતો મુજબ જૂનાગઢથી દૂધ ભરીને આણંદ જતું આ ટેન્કરના ચાલકે અચાનક કાબુ ગુમાવતા ટેન્કર પુલ નીચે ખાબકતા જેમાં ચાલક અને કલીનરનો આબાદ બચાવ થયો હતો. વધુમાં જાણવા મુજબ દૂધ ભરેલ ટેન્કર આણંદ મધર ડેરીનું ખુલવા પામ્યું છે આ અંગે વધુ તપાસ વિંછીયા પોલીસ ચલાવી રહી છે.

## સ્માર્ટ સિટી એરિયામાં લાઈટ હાઉસની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

આજે સાંજે ૫ કલાકે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સ્માર્ટ સિટી એરિયામાં નિર્માણ પામી રહેલ લાઈટહાઉસ પ્રોજેકટની પ્રગતિની ડ્રોનથી નિરીક્ષણ કરી સમીક્ષા કરશે. જેના અનુસંધાને મંગળવારે કમિશનર અમિત અરોરાએ સ્થળ મુલાકાત કરી હતી. લાઈટહાઉસ પ્રોજેટક હેઠળ ૧૧ ટાવરમાં કુલ ૧૧૪૪ ફ્લેટ બનાવવામાં આવેલ છે.

આ સ્થળ વિઝીટ દરમ્યાન મ્યુનિ. કમિશનર અમિત અરોરા સાથે નાયબ મ્યુનિ. કમિશનર ચેતન નંદાણી, સીટી એન્જી. એચ. યુ. ડોઢિયા, વાય. કે. ગૌસ્વામી, પી.એ.(ટેક.) ટુ કમિશનર રસિક રૈયાણી, ગુજરાત ગેસના પ્રતિનિધિ રાજીવ પટેલ, માલાણી એજન્સીના પ્રતિનિધિ મનોજભાઈ માલાણી તેમજ પીજીવીસીઅલનાં પ્રતિનિધિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## શહેર ભાજપના તમામ મોરચા- સેલ દ્વારા સદસ્યતા અભિયાન વેગવંતુ બનાવાશે

### તૈયારીના ભાગરૂપે શહેર ભાજપ કાર્યાલય ખાતે બેઠક મળી : માર્ગદર્શન આપતા કમલેશ મિરાણી




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાષ્ટ્રીય ભાજપની યોજનાનુસાર દેશભરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાન ચાલી રહયું છે ત્યારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલજીના નેતૃત્વમાં ગુજરાતભરમાં સદસ્યતા અભિયાન વેગવંતુ બનાવવામાં આવેલ છે તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ના વિવિધ મોરચા- સેલ દ્વારા વિવિધ જાહેર સ્થળો, મુખ્ય માર્ગો પર આવતીકાલે તા.૨૦ના સદસ્યતા અભિયાન વેગવંતુ બનાવવામાં આવશે.

આ અંતર્ગત શહેર ભાજપ કાર્યાલય ખાતે કમલેશ મિરાણીની આગેવાનીમાં અને શહેર ભાજપ મહામંત્રી કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.

શહેર ભાજપના વિવિધ મોરચા અને સેલ દ્વારા શહેરના મુખ્ય રાજમાર્ગો, જાહેર સ્થળો, સ્કુલ, કોલેજ કેમ્પસ ખાતે સદસ્યતા અભિયાન વેગવંતુ બનાવવામાં આવશે. આ બેઠકમાં શહેર ભાજપના વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રી તેમજ સેલના સંયોજકો અને સહ સંયોજકો ઉપસ્થિત રહયા હતા. આ બેઠકની વ્યવસ્થા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી અને કાર્યાયલ પરીવારના રમેશભાઈ જોટાંગીયાએ સંભાળી હતી. (૧.૧૭)

## ધૂમ સ્ટાઈલ બાઈક ફેરવવા યુવકે બાઈક ચોર્યું

રાજકોટઃ શહેરના રામાપીર ચોક નજીક યામાહા કંપનીનું આર-૧૫ બાઇક ચોરી શખ્સ પસાર થતો હોવાની ચોક્કસ બાતમીના આધારે ગાંધીગ્રામ પોલીસે વોચ ગોઠવી ચોરાઉ બાઇક સાથે નીકળેલા અબ્બાસ દલવાણી પસાર થતા તેને અટકાવી બાઇકની આરસી બુક અને અન્ય કાગળની માગણી કરતા પોતે બાઈક ચોરી કર્યાની કબૂલાત આપતા પોલીસે તેની ધરપકડ કરી હતી. તેની પાસેથી બાઇક કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપીએ ધૂમ સ્ટાઈલ બાઇક ફેરવવા માટે શોખ માટે ચોરી કર્યાનું સામે આવ્યું છે.



## રાજકોટ જીલ્લામાં લમ્પી રોગના પપ કેસ નોંધાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાજકોટ જીલ્લામાં પશુઓમાં આવેલ લમ્પી સ્કીન ડીસીઝ નામનો રોગ ખૂબ ઝડપી પ્રસરી રહ્યો હોય ત્યારે રાજકોટ જીલ્લા પંચાયતના કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા તાત્કાલીક પશુપાલન નિયામક સાથે મિટિંગ કરી રાજકોટ જીલ્લાની માહિતી લઈ રાજકોટ જીલ્લામાં અત્યાર સુધીમાં ૨૧૦૦૦ની રસી તાત્કાલીક અપાયેલી છે. રાજકોટ જીલ્લામાં



અત્યારે પપ કેસ નોંધાયેલા છે લમ્પી સ્કીન ડીસીસમાં અત્યાર સુધીમાં કોઈ પશુઓનું મૃત્યુ થયેલ નથી.

રાજકોટ જીલ્લામાં પડધરી અને લોધીકા તાલુકામાં વધુ કેસ નોંધાયેલ છે. રાજકોટ જીલ્લા પશુપાલન વિભાગ તેમજ રાજકોટ દુધ ડેરી દ્વારા આ રોગ માટે વેકિસન આપવાની કામગીરી ચાલુ થઈ ગયેલ છે. જે તે વિસ્તારમાં આ રોગની જાણ થાય તો તાત્કાલીન રાજકોટ જીલ્લા પંચાયતનો સંપર્ક કરવા કારોબારી ચેરમેને જણાવેલુ છે. લમ્પી સ્કીન ડીસીસ માટેની રસી જીલ્લા પંચાયત પાસે પુરતો સ્ટોક છે અને જો જરૂર પડશે તો તાત્કાલીક ખરીદી કરીને રાજકોટ જીલ્લામાં આ રસી કરરણની કામગીરી ઝડપી કરવામાં આવશે.

## સરકારે રસીનો પુરતો સ્ટોક મોકલવો જોઈએઃ ભાનુબેન સોરાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ભાનુબેન સોરાણીએ યાદીમાં જણાવ્યું છે કે સરકાર દ્વારા તા.૧૫ જૂલાઈથી પ્રિકોસન (ત્રીજો) ડોઝ આપવાનું શરૂ કર્યું છે. હાલની સ્થિતિએ જાહેરાત કર્યા બાદ સ્ટોક ન હોવાથી કોરોના વિરોધી રસીકરણ



કરવામાં લોકોને લાંબી કતારોમાં ઉભું રહેવું પડતું હોય છે તેમજ અફરાતફરીનો સામનો કરવો પડી રહ્યો છે.

સરકારે રસીનો પુરતો સ્ટોક મોકલવો જોઈએ અને જાહેર આરોગ્યના હિતાર્થે સઘન પગલા લેવા જોઈએ તેવી સમગ્ર રાજકોટના નાગરિકોના આરોગ્યના હિતમાં રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણીએ માંગ કરી છે.




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# તંત્રી સ્થાનેથી...

## આરોગ્ય ક્ષેત્રે ગુજરાત આગળ

એક સમય હતો જયારે ગામડામાં રહેવું એટલે આધુનિક સુવિધાઓ વગરનું જીવન. ઉચ્ચ શિક્ષણ લેવું હોય કે ગંભીર બીમારીની સારવાર માટે તો શહેરમાં જ જવું પડે ને રોડ રસ્તા પણ કાચા. બહારગામ જવા બસો મળે કે ના મળે. પીવાના પાણી, શૌચાલય, આવાસ સહિતની બધી ગ્રામીણ યાતનાઓમાં છેલ્લા ૨૦ વર્ષમાં પ્રધાનમંત્રીના વિઝન અને મિશન થકી લોકોના સર્વાંગી વિકાસની વિભાવના સાર્થક બની છે.

હાલ રાજ્ય સરકાર દ્વારા સુસાશનના ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે વંદે ગુજરાત વિકાસ યાત્રા જનજનને ગુજરાતમાં થયેલા વિકાસની ઝાંખી કરાવી રહી છે, ત્યારે રાજકોટ જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે બાળકો, માતાઓ અને સમગ્ર પરિવાર માટે લોક કલ્યાણલક્ષી યોજનાઓ અને આરોગ્ય વિષયક સુવિધાઓનો વ્યાપ ઉડીને આંખે વળગે તેવો છે.

જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓની માહિતી વર્ષ ૨૦૦૨માં આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ્સની સંખ્યા ૩૨૬ હતી, જે ૨૦૨૨માં ૪૨૮ જેટલી થવા જઈ રહી છે. જેમાં વિશ્વ સ્તરની આરોગ્ય સેવા આપતી ગુજરાતની પ્રથમ અને એક માત્ર એઇમ્સ રાજકોટ ખાતે આકાર લઈ રહી છે.

૨૦ વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૩૧ થી વધી ૫૪, અર્બન હેલ્થ સેન્ટર ૯, સબ સેન્ટર ૨૬૭ થી વધીને ૩૪૪, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ૨૭૮, સામુહિક આરોગ્ય કેન્દ્ર ૧૨, સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ૫, ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ૨ તેમજ એક એઇમ્સ સહીત નાના મોટા કુલ ૪૨૮ કેન્દ્રોમાં દર્દીઓની સારવાર - સુશ્રુષા કરવામાં આવી રહી છે.રાજ્ય અને કેન્દ્ર દ્વારા આરોગ્યલક્ષી વિવિધ યોજનામાં માતા મૃત્યુ દર ઘટાડવા માતા આરોગ્ય કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. બાળકોમાં મૃત્યુદર ઘટાડા અર્થે દર ૧૦૦૦ જન્મે ૩૦થી નીચે લઈ જવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જે માટે બાળકોને સઘન રસીકરણ કાર્યક્રમ કરવામાં આવે છે. મમતા દિવસ યોજના તળે ૩૩,૮૭૯ સગર્ભાઓને સેવા પુરી પાડવામાં આવી છે. જનની સુરક્ષા યોજના હેઠળ ૨૦૧૭ સગર્ભા મહિલાઓને સહાય પુરી પાડવામાં આવી છે. પોષણ સહાય યોજના તળે રૂ. ૫૨૨૪ સગર્ભા મહિલાઓને રૂ. ૬૦૦૦ સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગંભીર બીમારી વાળા બાળકોને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં નિ:શુલ્ક સારવાર પુરી પાડવામાં આવી છે. બાળકોમાં કુપોષણનું પ્રમાણ અટકાવવા બાલ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર કાર્યરત છે. મધુપ્રમેહ તેમજ હાઇપર ટેન્સન જેવા નોન કોમ્યુનીકેબલ રોગ માટે ૧,૭૨,૪૦૩ લોકોનું નિદાન કરવામાં આવ્યું છે. આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-માં યોજના હેઠળ ૭૯,૯૯૦ લાભાર્થીઓને રૂ. ૨૧૩૧.૨૪ લાખની સારવાર પુરી પાડવામાં આવી છે. જયારે ૯,૦૭,૮૯૪ લોકોને આયુષ્માન ભારત કાર્ડ કાઢી આપવામાં આવ્યા છે.પ્રધાનમંત્રીના વડપણ હેઠળ કોરોના મહામારી સામે સુરક્ષિતતા આપતી કોરોના વેક્સીન આરોગ્ય કેન્દ્રો દ્વારા તમામ એલિજિબલ લોકોને નિ:શુલ્ક પુરી પાડવામાં આવી હોવાનું આરોગ્ય અધિકારી જણાવે છે.

આરોગ્ય જેવી પાયાની સુવિધા છેવાડાના વિસ્તારોમાં જનજન સુધી પહોંચાડવામાં આવી રહી છે જેના પરિણામે લોકો નિરામય જીવનની કેડી પર આગળ ધપી રહ્યા છે.

# રોટલી બનાવતી તરૂણી પાસે બિભત્સ માગણી કરનાર પિતા-પુત્ર ઝબ્બે

## લાજવાને બદલે ગાજી આરોપી તેના પિતા સાથે તરૂણીના વાલીઓને મારવા ધસી ગયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૨૦

લોહાનગર વિસ્તારમાં ઘરે રોટલી બનાવતી ૧૪ વર્ષની તરૂણીના ઘરે જઈ તે જ વિસ્તારમાં રહેતા મનસુખભાઈ ઉર્ફે દિકુ હરીભાઈ પરમાર (ઉં.વ.૨૩)એ બિભત્સ માગણી કરતા એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ લોહાનગર વિસ્તારમાં ૧૪ વર્ષની કિશોરી ઘરે રોટલી બનાવી રહી હતી ત્યારે મનસુખ ઉર્ફે દિકુ ત્યાં ધસી ગયો અને બિભત્સ માગણી કરતા ડરી ગયેલી તરૂણી ભાગીને ઘરની બહાર જતી રહી હતી.

રસ્તામાં તેના ભાભી સામે મળતા બન્ને લત્તામાંથી બહાર નીકળી ગયા હતા. થોડે દૂર જઈ તરૂણીએ તેના માતા-પિતાને જાણ કરતા તે ત્યાં આવી પહોંચ્યા હતા. દરમિયાન ઘર નજીક મનસુખ ઉર્ફે દિકુ હાથમાં ડીસમીસ લઈ અને તેના પિતા હરી પરમાર હાથમાં પાટીયુ લઈને ઉભા હતા. આ સમયે બન્નેએ તરૂણીના માતા-પિતા સહિતને મારવા છે તેમ બુમાબુમ કરતા ત્યાંથી ભાગી ગયા હતા. હાલ પીઆઈ સી.જી. જોષીએ આ મામલે તરૂણીના માતાની ફરિયાદ પરથી મનસુખ ઉર્ફે દિકુ અને તેના હરી પરમાર (ઉં.વ.૪૫)ની સામે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. સામાપક્ષે મનસુખ પરમાર (ઉં.વ. ૨૩)એ તરૂણીના પરિવારજનો સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું કે



માતાજીના મઢના રૂા. ૨ હજાર લેવા જતા તેને પાઈપ, લાકડીથી માર મારવામાં આવ્યો હતો.

### સાયલાના યુવકનું ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી

# વ્યાજખોરોએ અપહરણ કરી બેફામ મારમારી લૂંટ ચલાવી

## કાલે પૈસા ચૂકવી દેજે નહીં તો ટાંટિયા ભાંગી નાખીશ તેવી ધમકી આપી છોડી મુકાયો:

## બી-ડિવિઝન પોલીસમાં અપહરણ, મનીલેન્ડ એકટ અને ધમકીની કલમ હેઠળ કાર્યવાહી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૦

સુરેન્દ્રનગરમાં સાયલામાં રહેતો અને અમદાવાદ-રાજકોટ રૂટ પર કાર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા યુવકને ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી વ્યાજખોરોએ રૂ.૨૫ હજારની પઠાણી ઉઘરાણી કરી પોતાની જ કારમાં અપહરણ કરી પડધરી અને કાલાવડ રોડ પર લઈ જઈ બેફામ મારી ધમકી આપી અને કાર તેમજ મોબાઈલની લૂંટ ચલાવી છોડી મુક્તા બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. બનાવની વિગતો અનુસાર, સાયલા બ્રાહ્મણની ભોજનશાળાની સામે દેસાઈ શેરીમાં રહેતા યુવરાજ સિંહ અજિતસિંહ વાઘેલા (ઉ.વ.૩૦)એ પોતાની ફરિયાદમાં રાજકોટના મૂળરાજસિંહ જાડેજા, અજયસિંહ જાડેજા,રાજભા ફૌઝી,વિરૂભા જાડેજા અને રાજુભાઈ તેમજ બે અજાણ્યા શખ્સોનું નામ આપતા તેઓની સામે મનીલેન્ડ એકટ હેઠળ કાર્યવાહી કરાઈ છે. આ ઘટનામાં યુવકે બી-ડિવિઝન પોલીસ મથકે પહોંચી પોતાની હકીકત જણાવતા પીઆઇ એમ.સી.વાળા સહિતના સ્ટાફે કાર્યવાહી કરી હતી.

# મારે તારી જરૂર નથી, પૈસા આપવાથી મને બધું મળી જશે કહી પરિણીતાને ત્રાસ

## રાજકોટની પરિણીતાની પાલનપુર રહેતા સાસરિયા સામે ફરિયાદ

રાજકોટ.તા.૨૦

શહેરના કોઠારિયા રોડ, મહેશ્વરી સોસાયટીમાં રહેતી કીર્તિબેને પાલનપુર રહેતા પતિ મનીષ સોની, સાસુ માલવિકાબેન, નણંદ સેજલ વિજય સોની અને દિયર અનિલભાઇ સામે ફરિયાદ નોંધાવી છે. એક વર્ષથી ભાઇ-ભાભી સાથે રહેતી પરિણીતાની ફરિયાદ મુજબ, તેના લગ્ન ૨૦૧૫માં થયા છે. લગ્નના બીજા દિવસથી જ રિસામણે આવેલી નણંદ સેજલે ઝઘડા કરવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહિ નણંદ, સાસુ, દિયરની ચડામણીથી પતિ માર મારી કાઢી મૂકતા હતા. પરંતુ લગ્ન જીવનમાં ભંગાણ ન પડે તે માટે પોતે સહન કરતી હતી. લગ્નના આઠ મહિના બાદ પતિને આફ્રિકામાં નોકરી મળી હોય તેની સાથે ત્યાં ગયા હતા. દરમિયાન બાળક થતા ન હોય પતિ ઝઘડો કરી માર મારતા હતા. સાસુ, નણંદ સહિતનાઓ સંતાન મુદ્દે પતિને ચઢામણી કરી આને ખોટી સાચવી છે તેમ કહેતા હતા. જેથી પતિએ ત્યાં પોતાનો રિપોર્ટ કરાવડાવ્યો હતો.

જે નોર્મલ આવ્યો હતો. ત્યારે ૧ વર્ષ પહેલા પતિએ ફરી ઝઘડો કરી મોબાઇલ તોડી નાંખી માર માર્યો હતો. અને તું કાલે મરતી હોય તો આજે મરી જા અને કાલે મને આ ઘરમા તું દેખાવી ન જોઇએ, મારે તારી જરૂર નથી, પૈસા આપવાથી મને બધું મળી જશે. પતિના મારકૂટથી પોતે આફ્રિકા રહેતા સગાના ઘરે ૫ દિવસ રોકાઇ હતી. પાસપોર્ટ પતિ પાસે હોવાથી તેમને વાત કરતા પતિએ તું મને એવું લખીને આપ કે તું રાજીખુશીથી તારા મમ્મી-પપ્પાના બોલાવવાથી ઇન્ડિયા જાઉ છું. પરંતુ આવું લખવાની ના પાડી દીધી હતી.

બાદમાં આફ્રિકામાં રહેતી સહેલીએ તારો પાસપોર્ટ કોઇ રાખી શકે નહીં, તું એમ્બેસી જવાની ચીમકી આપ એટલે પાસપોર્ટ આપી દેશેની વાત કરી હતી. જેથી પતિને એમ્બેસી જવાની વાત કરતા પાસપોર્ટ આપી દીધો હતો. ત્યાર બાદ રાજકોટ ભાઇના ઘરે પહોંચી હતી. ગત દિવાળીએ પતિ મનીષ ભારત આવ્યા હોય સમાધાનની વાત કરવા લોધિકા આવ્યા હતા. જ્યાં પતિએ માતા-પિતાને ગાળો ભાંડી મારવા દોડ્યા હતા. આમ મામલો વધુ વણસ્યા બાદ પોલીસ ફરિયાદ કરી છે.

# રાજકોટ ક્રાઈમ

## કારખાનેદારનો કુવામાં ઝંપલાવી આપઘાત

રાજકોટ: કોઠારીયા રોડ પર વિક્રાંતી સોસાયટીમાં રહેતા કમલેશભાઈ રમણીકભાઈ = જાદવાણી કાળીપાટ ગામે સુરાપુરાના મંદિરે ગયા હતા ત્યાં ફોન કરી ભાઈને બોલાવી તેને દૂરથી આવજો કહી કૂવામાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. પોલીસે તપાસ કરતા હાર્ડવેરનું કારખાનું ચલાવતા કમલેશભાઈનું છેલ્લા ૭-૮ માસથી કારખાનું બંધ થઈ જતા બેકારીથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## પુનિતનગરમાં દારૂના જથ્થા સાથે એક ઝબ્બે

રાજકોટ, મંગળવાર પુનિતનગર નજીક વિશ્વકર્મા સોસાયટીમાં એક પ્રોવિઝન સ્ટોરની ઉપર ઓરડીમાં રહેતા અલ્ફાઝ ઉર્ફે અલ્તાફ હાસમભાઈ સૈયદ (ઉં.વ.૨૧)ના મકાનમાં દરોડો પાડી તાલુકા પોલીસે રૂા. ૩૦ હજારની અંગ્રેજી દારૂની ૬૦ બોટલ કબ્જે કરી હતી.

## ગુનાહિત ઈતિહાસ ધરાવતી બેલડી પાસામાં ધકેલાઈ

રાજકોટ : શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે ગુનેગારો કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે દરમ્યાન માલવિયાનગર પીઆઈ કે એન ભુકણ અને ટીમે ઈ-ગુજકોપ આધારે ગુરૂજીનગર ક્વાટરના ચિરાગ દિનેશ ઝાપડિયા અને શાપરના ભાવિક ઉર્ફે ભૂરો ધના મકવાણાનો ગુનાહિત ઈતિહાસ ચેક કરી પાસાની દરખાસ્ત તૈયાર કરતા સીપીએ પાસા વોરંટ ઇસ્યુ કરતા પોલીસે બંનેની ધરપકડ કરી હતી જેમાં ચિરાગને અમદાવાદ અને ભાવિકને વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

## બેભાન હાલતમાં ત્રણના મોત

કુવાડવા ગરબી ચોક પાસે રહેતી રાધીકા અરવિંદભાઇ બાહુકીયા (કોળી) (ઉ.૧૭)ને લોહીના ટકા ઘટી જવાની બિમારી હોઇ રાતે ઘરે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર રાધીકા ત્રણ બહેન અને બે ભાઇમાં વચેટ હતી. તેના પિતા છુટક મજૂરી કરે છે. હોસ્પિટલ ચોકીના અલ્પેશભાઇએ જાણ કરતાં કુવાડવા પોલીસે કાર્યવાહી કરી હતી. બીજા બનાવમાં મવડી ગોવિંદરત્ન રેસીડેન્સી-૩માં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં દિલીપભાઇ મેઘજીભાઇ નશીત (પટેલ) (ઉ.૪૯)ને કેન્સરની બિમારી હોઇ ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં સ્વજનોમાં શોક છવાઇ ગયો હતો. મૃતક બે ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ત્રીજા બનાવમાં ગોંડલ રોડ સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં રાજુભાઇ ઘોઘાભાઇ ચાવડીયા (ઉ.૫૧) સાંજે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ નિપજતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

## વિજયગીરી ગોસ્વામીની હેડક્વાર્ટરમાં બદલી

ક્રાઇમ બ્રાંચના જમાદાર વિજયગીરી સામે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે ખાતાકીય તપાસના આદેશ કર્યા હતા, ડીસીપી ક્રાઇમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ તપાસ કરીને રિપોર્ટ કમિશનરને રજૂ કરશે, રિપોર્ટ રજૂ થયા બાદ વિજયગીરી સામે આકરા પગલાંના એંધાણ વર્તાઇ રહ્યા છે ત્યારે જમાદાર વિજયગીરીને ક્રાઇમ બ્રાંચમાંથી હેડક્વાર્ટરમાં મુકાયા છે. ઉપરાંત ઘટનાને ગંભીરતાથી લઇ એસીબીના વડાએ તપાસના આદેશ કરતાં રાજકોટ એસીબીની ટીમે જમાદાર અને બુટલેગરને પૂછપરછ માટે બોલાવવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# વાહનમાં પોલીસના લખાણ દૂર ન કરનાર ૭ પોલીસ કર્મીને ક્વાર્ટર ખાલી કરવા આદેશ



ટ્રાફીક શાખાનું આજે પણ ચેકિંગ યથાવત

## સુચનાનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલા ઉપરાંત હેડ કવાર્ટરમાં રહેતા હોય તેવા કર્મચારીઓને લાઇન આઉટ કરી દેવાશે તેવી સ્પષ્ટ ચેતવણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૦

રાજકોટ શહેરના નવ નિયુક્ત પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે તમામ અધિકારી અને સ્ટાફને વાહનોમાંથી પોલીસના લોગો કે વાહનમાં પોલીસનું બોર્ડ રાખવાની મનાઇ ફરમાવી હતી. એક સપ્તાહ સુધી ઝુંબેશ ચાલુ રાખ્યા બાદ જે કોઇ પોલીસના વાહનોમાં પોલીસ લખેલું કે પોલીસનો લોગો દેખાશે તો તેમને હેડકવાર્ટરમાંથી લાઇન આઉટ એટલે કે કવાર્ટર ખાલી કરી દેવાશે તેવી ચેતવણી આપવામાં આવી હતી. છતાં કેટલાક પોલીસ સ્ટાફે બોર્ડ નહી કાઢતા આવા સાત કર્મચારીને કમિશનરના નિયમનું પાલન ન કરવા અને શિસ્તભંગ બદલ દિવસ-૭માં કવાર્ટર ખાલી કરી દેવાની નોટીસ ફટકારતા પોલીસ બેડામાં ભારે કચવાટ ફેલાયો છે. ટ્રાફિક શાખાના એસીપીને સૂચના કરી હેડ કવાર્ટર અને કમિશનર કચેરી ખાતે ચેકીંગ કરાવી કરાવી નંબર પ્લેટ વગરના, કાળા કાચવાળા તેમજ પોલીસ લખેલા વાહનો ડીટેઇન કરાવી દંડ ફટકાર્યા હતા. આ કાર્યવાહી પછી શહેરના તમામ પોલીસ અધિકારી સ્ટાફને તેમના વાહનમાંથી પોલીસના બોર્ડ અને લોગો કાઢી નાંખવા તેમજ કાળા કાચ કાઢી નંબર પ્લેટ ફીટ કરાવી નિયમ મુજબ વાહન રાખવાની સૂચના આપવામાં આવી હતી.

પોલીસ કમિશનરની ચેતવણી પછી પણ કેટલાક કર્મચારીઓએ પોલીસના બોર્ડ કાઢયા ન હતા અને નંબર પ્લેટ પણ નાંખી ન હતી અને ગાડીઓમાં કાળા કાચ યથાવત રાખ્યા હતા. તાજેતરમાં આ મુદ્દે કરાયેલા ચેકીંગમાં હેડકવાર્ટરમાં રહેતા ટ્રાફિક શાખાના જવાન સહિત શહેરના કુલ ચાર પોલીસ કર્મચારી તેમજ જિલ્લાના ત્રણ પોલીસ કર્મચારીના વાહનમાં પોલીસના બોર્ડ અને સ્ટીકર જોવા મળતાં તમામને હેડકવાર્ટરના પીઆઇ કોટડીયા દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે. જો સમય મર્યાદામાં કવાર્ટર જમા કરાવવામાં નહીં આવે તો કવાર્ટરનો અનધિકૃત કબ્જો ગણી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે આ નોટીસ સામે જે-તે કર્મચારીએ લેખીતમાં ખુલાસા કર્યા છે અને વૃધ્ધ, અશકત અને બિમાર માતા-પિતાઓને ધ્યાને રાખીને આવુ સખત વલણ અપનાવવાને બદલે એક તક આપવા વિનંતી કરી છે.

# ૨૦૦ ગ્રામ ગાંજા સાથે એક ઝડપાયો

## ગાંજાનો જથ્થો, એકિટવા, બે મોબાઈલ ફોન મળી રૂ.૩૨ હજારનો મુદ્દામાલ એસઓજીની ટીમે જપ્ત કર્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૦

રાજકોટમાં દારૂ, ડ્રગ્સ, ગાંજા સહિતના ગુનામાં અવાર-નવાર આરોપીઓ ઝડપાતા રહ્યા છે. ત્યારે ગઈકાલે શહેર એસઓજીની ટીમે કોઠારીયા રોડ નીતિન વસુ પાલીયા (ગઢવી) (ઉ.વ.૪૧ રહે રવેતી કૃપા સુખરામનગર મેઈન રોડ, હરિધવા રોડના છેડે )ને દબોચી લીધો હતો અને એકિટવા, મોબાઈલ મળી ૩૨,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.પોલીસ સૂત્રોના જાણવા મુજબ શહેર એસઓજી પીઆઈ એમ.બી. નકુમના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.બી.બેર, એએસઆઈ ફીરોઝભાઈ શેખ, જીજ્ઞેશભાઈ અમેરલીયા, ભરતભાઈ ધગલ, ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોઝભાઈ રાઠોડ, કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર વગેરેએ બાતમીના આધારે કોઠારીયા રોડ, જુના હુડકો કવાર્ટર શેરી નં.૩૨ના ખુણે વોચ ગોઠવી હતી.



દરમિયાન રાત્રે આઠ વાગ્યા બાદ ત્યાંથી નંબર પ્લેટ વગરના એકિટવામાં પસાર થયેલા નીતિન ગઢવીને અટકાવી ઝડપી લેતા કાળા કલરના પ્લાસ્ટ્રીકના ઝબલામાંથી ૨૦૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. એકિટયા, બે મોબાઈલ ફોન વગેરે કબ્જે લઈ આરોપીની ધરપકડ કરી ભકિતનગર પોલીસ મથકે ગુનો દાખલ કરાયો છે.

આરોપીને ગાંજો કયાંથી લાવ્યો તે અંગે પુછતા પોતે ગાંજો પીવાની ટેવ ધરાવતો હોય પીવા માટે લાવ્યાનું રટણ કર્યું હતું. અને કોની પાસેથી લાવ્યો તે અંગે ગોળગોળ વાતો કરતા પોલીસે રિમાન્ડ મેળવવા તજવીજ કરી છે. આ અંગે ભકિતનગરના પીએસઆઈ આર.એન.હાથલીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ નીતિન રીઢો ગુનેગાર છે, અગાઉ દારૂ, મારામારી સહિતના ગુનામાં સંડોવાયેલો છે.

# સૌરાષ્ટ્ર-ગુજરાતના ૮ જિલ્લામાં વરસાદી નુકસાન:સર્વે માટે ૧૨૦ ટીમો ઉતારાઈ

## ૨૩૭ તાલુકામાં ૧૨૫ મી.મી.થી વધુ વરસાદ: રાજયના ૬૪ ટકા વિસ્તારોમાં કૃષિ પાકનું વાવેતર: મંત્રી વાઘાણી

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર,તા.૨૦

સૌરાષ્ટ્રના ગીર સોમનાથ અને જુનાગઢ ઉપરાંત દક્ષિણ ગુજરાતના નવસારી સહિત કેટલાક વિસ્તારોમાં માં વ્યાપક વરસાદથી થયેલી નુકસાનીના સર્વે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આદેશો આપ્યા છે. તો બીજી તરફ મુખ્ય સચિવ પંકજ કુમારે આ કામગીરી માટે તાત્કાલિક તમામ જિલ્લા કલેકટરોને વરસાદી નુકસાનીના સર્વે કરવાના આદેશ આપ્યા છે.

જ્યારે જિલ્લા પ્રભારી દ્વારા આ કામગીરીનું મોનિટરિંગ કરવાની સ્પષ્ટ સૂચના મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવી છે આજે કેબિનેટ બેઠકમાં થયેલી ચર્ચા અને કરેલા નિર્ણયો અંતર્ગત વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવાહકતા જીતુભાઈ વાઘાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત કુલ ૮ જિલ્લાના ૩૮ તાલુકાઓમાં કૃષિ પાકને નુકસાન થયું છે, જેના માટે ૧૨૦ સર્વે ટીમ ઉતારીને તાત્કાલિક સર્વે કરવાના આદેશ આપ્યા છે તો બીજી તરફ આ સર્વે ટીમ દ્વારા અત્યાર સુધી ૨૯૮૦૦ હેક્ટર નો સર્વે પૂરો કરી દીધો છે.

પરંતુ કેટલાક વિસ્તારોમાં હજુ પણ વરસાદી પાણી ભરાયેલા હોવાથી ત્યાં સર્વે કરવો મુશ્કેલ છે પરંતુ પાણી બાદ તે ખેતીની જમીનમાં સર્વે કરવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરી હતી આ ઉપરાંત તેમણે કહ્યું કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આજની કેબિનેટ બેઠકમાં અસરગ્રસ્તોને સર્વે બાદ તાત્કાલિક સહાય ચૂકવવા માટે પણ તંત્રને સ્પષ્ટ સૂચના આપી છે જ્યારે મુખ્ય સચિવ પંકજ કુમારે પણ જિલ્લાના તમામ કલેકટરોની સર્વેની કામગીરી માટે આદેશ આપ્યા છે જેનું પ્રભારી કક્ષાએથી મોનિટરિંગ પણ કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય વિગતોમાં તેમણે કહ્યું કે રાજ્યના જે વિસ્તારોમાં વ્યાપક વરસાદ પડ્યો છે

તેવા વિસ્તારોમાં અન્ય ટીમો પણ કામે લગાડવામાં આવી છે જેમાં આરોગ્યની ૩૨૦ ટીમ સફાઈ માટેની ૧૦૨ ટીમ ઘરવખરીના સર્વે માટેની ૯૦ ટીમ ફિલ્ડમાં કામ કરી રહ્યું હોવાની વિગતો આપી હતી. આ ઉપરાંત તેમણે કહ્યું કે ગુજરાતમાં હાલ તમામ એસટી રૂટ પણ શરૂ કરી દેવામાં આવ્યા છે તો બીજી તરફ માર્ગ અને મકાન વિભાગ દ્વારા પણ રોડ મરામતની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જીતુ વાઘાણીએ જણાવ્યું હતું

વરસાદ અને જળાશયોની સ્થિતિ અંગે તેમણે કહ્યું કે રાજ્યના ૬૪% 



વિસ્તારમાં કૃષિ પાકનું વાવેતર કરી દેવામાં આવી છે જ્યારે ૨૩૭ તાલુકાઓમાં ૧૨૫મી. મી વધુ વરસાદ પડ્યો હોવાનું જણાવ્યું હતું આ ઉપરાંત રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૫૬.૧૧% થયો છે તો બીજી તરફ સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં પણ વરસાદી પાણીનો સંગ્રહ થયો છે જ્યારે રાજ્યના ૩૦ જળાશયો સો ટકા વરસાદી પાણીથી ભરાયા હોવાનો દાવો કર્યો હતો.

# સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષપદે ૨ વર્ષ પૂર્ણ થવા બદલ શુભેચ્છા પાઠવતા નીતિન ભારદ્વાજ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦



ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે આજે પોતાના કાર્યકાળના ૨ વર્ષ પૂર્ણ થવા બદલ શુભેચ્છા પાઠવતા સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રભારી નિતીન ભારદ્વાજએ જણાવ્યું હતું કે, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલએ પોતાના રાજક્યિ અનુભવથી સંગઠનને વધુ સુદૃઢ બનાવ્યું છે. પાર્ટીના કાર્યકર્તાઓને પ્રેરણા આપી પેઈજ સમિતિના પ્રેરક બની લોકશાહી પર્વમાં ભાજપના સતત વિજયના શીલ્પી બનેલા સી.આર. પાટીલને ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે બે વર્ષનો કાર્યકાળ પુર્ણ થવા બદલ નિતીન ભારદ્વાજ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

# થાનના વાગડીયા પાસે ટ્રેનમાંથી પટકાયેલા યુવકનું સારવારમાં મોત

રાજકોટ, તા.૨૦ થાનના વાગડીયા પાસે ટ્રેનમાંથી પટકાયેલા એમપીના માનસીક બીમાર કૃષ્ણનું રાજકોટ સીવીલે સારવારમાં મોત થયું હતું. બનાવ અંગેની જાણ થતાં સુરેન્દ્રનગર રેલવે પોલીસનો સ્ટાફ સીવીલે દોડી આવ્યો હતો અને કાગળો કરી મૃતદેહને પીએમમાં ખસેડ્યો હતો. બનાવ અંગે મૃતકના પરીવારને જાણ કરી હતી.

# રાજકોટઃ રસ્તા પર નડતરરૂપ ૧૩ રેકડી-કેબીનો જપ્ત કરાઈ

## ઢેબર રોડ, ચંદ્રેશનગર, મે.રોડ, યુનિવર્સિટી રોડથી ૫૧૩ બોર્ડ-બેનરો જપ્ત કરાયા




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૦

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧૧ થી ૧૮ ની શહેરમાં જુદી-જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

જેમ કે, રસ્તા પર નડતર ૧૩ રેકડી-કેબીનો મવડી મેઈન રોડ પટેલ કન્યા છાત્રાલય, પુષ્કરધામ રોડ, શિવમ પાર્ક, ગાયત્રીનગર, આંનદ બંગલા ચોક, જંકશન રોડ, જ્યુબેલી માર્કેટ, મોચી બજાર, ગુમાનસીંહજી માર્કેટ, રેસકોર્ષ ગ્રાઉન્ડ, કૃષ્ણનગર મેઈન રોડ, પરથી જપ્ત કરવામાં આવી હતી, જુદી-જુદી અન્ય ૯૩ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી જે જ્યુબિલી, મવડી મેઈન રોડ, રેસકોર્ષ ગ્રાઉન્ડ, હોસ્પિટલ ચોક, રેલવે જંકસન, રૈયા રોડ, બસ સ્ટેશન સામે ઢેબર રોડ, નંદનવન મેઈન રોડ, ચંદ્રેશનગર, કુવાવડા રોડ, શાસ્ત્રી મેદાન, પરથી જપ્ત કરવામાં આવી હતી, ૧૦૭ કી.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને નંદનવન મેન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, મવડી મેઈન રોડ, જ્યુબિલી માર્કેટ, રેલ્વે જંકશન, આંનદબંગલા ચોક, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા.

તેમજ રૂ.૧,૩૫,૦૦૦ વહીવટી ચાર્જ રેલનગર ઢેબર રોડ ,ત્રિકોણ બાગ, યુનિવર્સિટી રોડ, ચંદ્રેશનગર રોડ, નાના મૌવા રોડ, રૈયા રોડ, માટેલ ચોક, મોરબી રોડ, પરથી વસુલ કરવામાં આવ્યો હતો, રૂ.૧,૩૫,૦૬૦ મંડપ ચાર્જ જે રેલ નગર, યાજ્ઞીક રોડ, મવડી રોડ, રૈયા રોડ, સેટેલાઇટ રોડ, નાના મૌવા રોડ, સાધુવાસવાણી રોડ માંથી વસુલ કરવામાં આવ્યો હતો, અને ૫૧૩ બોર્ડ-બેનરો જે ઢેબર રોડ, ચંદ્રેશનગર મેઈન રોડ, યુનિ. સિટી રોડ, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા.

### રાજય સરકાર દ્વારા રૂા.૫ કરોડની ફાળવણી

# રફાળા-જામગઢ રોડ પર બ્રિજની મંજૂરી



**૫૦ ગામના લોકોને ચોમાસામાં પડતી મુશ્કેલીનો નિવેડો આવશેઃ પ્રમુખ ભૂપત બોદર**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૦

રાજયની ભાજપ સરકાર દ્વારા રૂા.૫૦૦ લાખના ખર્ચે રફાળા જામગઢ ચાંચડીયા રોડ પર મેજર બ્રિજની મંજુરી અપાતા આસપાસના ૪૦ થી ૫૦ ગામના ગ્રામજનોમાં હરખની હેલી ઉમળી છે. રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરે રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના રફાળા જામગઢ ચાંચડીયા રોડ ખાતે રૂ. ૫ કરોડના ખર્ચે નવનિર્મિત બ્રિજ બનાવવાનું કામ મંજુર કરવામાં આવેલ છે. આ રફાળા ખાતે આ મેજર બ્રિજના નિર્માણથી આસપાસના ૪૦ થી ૫૦ ગામના ગ્રામવાસીઓ કે જેની સતત અવર-જવર રહેતી હોય તેને આ મેજર બ્રિજ ના નિર્માણથી રાહતની લાગણી અનુભવાશે. ખાસ કરી ચોમાસામાં બેટી નદી કે જેનુ પાણી મચ્છુ નદીમાં જાય છે ત્યાં ચોમાસાની ઋતુ દરમ્યાન અનેક આસપાસની નદીઓનું પાણી એકત્ર થતું હોય ત્યારે પૂરને કારણે આજુબાજુના ગામવાસીઓને પસાર થવામાં જાનનું જોખમ થતું હોય આ મેજર બ્રીજના નિર્માણથી ગ્રામજનોને આ વર્ષો જુની સમસ્યામાંથી છુટકારો મળશે. ત્યારે રાજયની ભાજપ સરકારના આ નિર્ણયથી આસપાસના ૪૦ થી ૫૦ ગામના ગ્રામજનોના હરખની હેલી વ્યાપી ગઈ હતી.

આ તકે સરકારના જનકલ્યાણલક્ષી નિર્ણય બદલ પ્રમુખ ભૂપતભાઈ બોદર, ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, કારોબારી ચેરમેન સહદેવસિહ જાડેજા, દંડક અલ્પાબેન તોગડીયા, શાસક પક્ષના નેતા વિરલભાઈ પનારા, સહિતની ટીમે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા,રાજયના માર્ગ મકાન મંત્રી પુર્ણેશભાઈ મોદી,રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજયના વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયા, મહામંત્રી મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા, નાગદાનભાઈ ચાવડાનો રાજકોટ જિલ્લાના ગ્રામજનો વતી જાહેર આભાર વ્યક્ત કર્યો હતો.

### વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તડામાર તૈયારી શરૂ

# કાલે જમાષ્ટમી મહોત્સવ સમિતિના કાર્યાલયનું ઉદ્‌ઘાટન

**મિલપરા સ્થિત વિહિપ કાર્યાલય ખાતે સાધુ-સંતો, સામાજીક આગેવાનો વગેરે હાજરી આપશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૦

રાજકોટ ખાતે છેલ્લા ૩૫ વર્ષથી અલગ-અલગ થીમ અને પ્રેરક સૂત્રો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી શોભાયાત્રા ખૂબ રંગે-ચંગે ઉજવવામાં આવે છે. સળંગ ૩૬માં વર્ષે પણ ભવ્ય રીતે જન્માષ્ટમી નિમિતે અનેકવિધ કાર્યક્રમો અને દર્શનીય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવશે.

જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત શરૂ કરી દેવામાં આવી છે. આ તબકે જન્માષ્ટમી મહોત્સવ સમિતિનું કાર્યાલય આગામી તા. ૨૧ જુલાઈને ગુરૂવારના રોજ શુભારંભ કરવામાં આવશે. શહેરના હાર્દસમા વિસ્તાર મીલપરા-૮, કાંતા સ્ત્રી વિકાસ ગૃહ રોડ ખાતે સાંજે ૮-૩૦ કલાકે કાર્યાલય ઉદઘાટન તેમજ શુભારંભ કરવામાં આવનાર છે અને આ કાર્યાલયના ઉદઘાટનમાં અનેક સાધુ, સંતો, મહંતો, સામાજીક, ધાર્મિક સંસ્થાના હોદેદારો ગત વર્ષની જન્માષ્ટમીના ફ્લોટ સુશોભન અને લત્તા સુશોભનના વિજેતા મંડળો અને ધર્મપ્રેમી જનતા તથા તમામ હિન્દુ સમાજના આગેવાનોની હાજરીમાં કાર્યાલયનો શુભારંભ કરવામાં આવશે.

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિના સર્વે હોદેદારો દ્વારા રાજકોટના તમામ યુવક મંડળ, સામાજીક મંડળ, ધાર્મિક સંસ્થા, મંડળના શ્રેષ્ઠીઓ, તમામ જ્ઞાતિ, સમાજના આગેવાનો, ટ્રાન્સપોર્ટર ભાઈઓ, હિન્દુ ધર્મપ્રેમીઓ, શુભચિંતકો, હિતેચ્છુઓને જન્માષ્ટમી મહોત્સવ સમિતિ કાર્યાલય - ૨૦૨૨ ના શુભારંભ પ્રસંગે પધારવા જન્માષ્ટમી મહોત્સવ સમિતિ તરફથી અપીલ કરવામાં આવી છે.

# શહેર ભાજપ દ્વારા આજે વિવિધ વોર્ડમાં વોર્ડ કારોબારી બેઠક યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૦



શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ આજે તા.૨૦ ના રોજ વિવિધ વોર્ડમાં વોર્ડ કારોબારી બેઠક યોજવામાં આવશે. જેમાં વોર્ડ-૧ માં રંભામાંની વાડી ખાતે, વોર્ડ-૨માં મેયર બંગલા ખાતે, વોર્ડ-૩ માં ગુરૂનાનક હોલ ખાતે, વોર્ડ-૪ માં વિવાહ પાર્ટી પ્લોટ ખાતે, વોર્ડ-૫માં સરસ્તવતી સ્કૂલ ખાતે, વોર્ડ-૬માં ભોજલરામની વાડી ખાતે, વોર્ડ-૭માં નંદવાણા બોડીંગ, ૨- જાગનાથ ખાતે, વોર્ડ-૮માં હરીહર હોલ, હરીહર સોસાયટી ખાતે, વોર્ડ-૯માં અક્ષર સ્કુલ ખાતે, વોર્ડ-૧૦મા નંદનવન કોમ્યુનીટી હોલ ખાતે, વોર્ડ-૧૧માં વસંત વાટીકા ખાતે, વોર્ડ-૧૨માં તપન સ્કૂલ ખાતે, વોર્ડ-૧૩માં સોમનાથ હોલ ખાતે, વોર્ડ-૧૪માં દરજી સમાજની વાડી ખાતે, વોર્ડ-૧૫માં ભીખુભાઈ ડાભીની ઓફીસ ખાતે, વોર્ડ-૧૬માં કર્મજયોત વિદ્યાલય ખાતે, વોર્ડ-૧૭માં નવનીત હોલ ખાતે, વોર્ડ-૧૮માં દેવાયતભાઈ ડાંગરની ઓફીસ ખાતે યોજવામાં આવશે જેમાં શહેર ભાજપના વિવિધ અગ્રણીઓ આગામી કાર્યક્રમો વિશે માર્ગદર્શન પુરૂ પાડશે. તેમ અંતમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની યાદીમાં જણાવ્યું હતું.

# લેન્ડ ગ્રેબિંગના ગુન્હામાં મુખ્ય આરોપી જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૦

રૂડાની માલિકીની સરકારી જમીનમાં કબ્જો કરી ગોડાઉન બનાવી ભાડે આપી દઈ સરકારી જમીન પચાવી પાડતા નોંધાયેલ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદના કામે પકડાયેલ આરોપી ઘેલા મચ્છાભાઈ ભરવાડના જામીન સ્પેશિયલ અદાલત દ્વારા મંજુર કરવામાં આવેલ છે.



એડવોકેટઃ તુષાર ગોકાણી

આ કેસની હકીકત મુજબ રાજકોટના નવાગામ આણંદપરના રેવન્યુ સર્વે નં. ૨૦૭ પૈકી ૩૦ ની રૂડા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીની માલિકીની જમીન ઉપર આરોપીઓએ જમીનને ખોટી રીતે સર્વે નં. ૧૧૪ પૈકીની જમીન બતાવી તે જમીન ઉપર બાલાજી પાર્ક કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી નામની સુચીત સોસાયટી કાગળ ઉપર બનાવી તે સોસાયટીના પ્લોટ નં. ૪૧ આપી જમીન અંદરો-અંદર એક બીજાને વેંચાણ કરીને તથા તે પૈકીની અમુક જમીનો જાહેર જનતાને ભાડે આપી દઈ કિંમતી સરકારી જમીન ઉપર ખોટા કાગળો બનાવી કબ્જો કરી લીધેલ હોવાનું રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ (રૂડા) ના ધ્યાન ઉપર આવતા રૂડા દ્વારા જમીનની ચકાસણી કરાતા સરકારી જમીન ઉપર આરોપીઓ દ્વારા ગોડાઉન બનાવી અન્ય લોકોને ભાડે આપી દીધેલ હોવાનું ફલીત થતા રૂડાના નગર નિયોજક દ્વારા ઘેલા મચ્છાભાઈ ભરવાડ તથા કિશોર ખોડાભાઈ બાંભવા રહે. સાત હનુમાન, રાજકોટવાળાઓ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબિંગના કાયદા હેઠળ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ગુન્હો કરાયેલ હતો.

આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ થતા પોલીસે આરોપીઓને કસ્ટડીમાં ધકેલી દેતા ફરીયાદમાં મુખ્ય આરોપી તરીકે દર્શાવેલ ઘેલા મચ્છા ભરવાડે તેમના એડવોકેટ જામીન અરજી દાખલ કરતા કોર્ટે આરોપી ઘેલા ભરવાડનો જામીન પર મુક્ત કરવા આદેશ ફરમાવેલ હતો.

આ કેસમાં આરોપી તરફે એડવોકેટ તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, ઈશાન ભટ્ટ, વિરમ ધ્રાંગીયા, નદીમ ધંધુકીયા, રોકાયેલ હતા.

# ઘેલા સોમનાથ મંદિરે શ્રાવણ માસ ઉજવાશે

**૨૯મીથી દરરોજ સવારે આરતી, બપોરે મહાપૂજા, સાંજ મહાઆરતી થશેઃ દર સોમવારે શ્રાવણી મેળો**

(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ, તા.૨૦

જદસણ પાસેના વિખ્યાત ઘેલા સોમનાથ મંદિરમાં આગામી તા.૨૯ થી શરૂ થતાં શ્રાવણ માસ દરમ્યાન જુદા-જુદા ધાર્મિક કાર્યક્રમો જેવા કે મંગળા આરતી, બપોરે મહાપૂજા તથા મહાઆરતી થાય છે. દર સોમવારે તેમજ, સાતમ, આઠમ અને અમાસનો મેળો ભરાય છે. આખો શ્રાવણ માસ બ્રહ્મચોર્યાશી ભોજન રાખવામાં આવે છે. શ્રાવણ માસ માટે જે બ્રાહ્મણોને પૂજા માટે રોકાણ કરવાનું હોય તેમણે પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા, રેશનકાર્ડની નકલસ, જમવાની ડીશ તથા પાગરણ પથારી સાથે લાવવાના રહેશે. જમવા તથા રહેવાની વ્યવસ્થા મંદિર તરફથી કરવામાં આવશે. બહેનોએ શ્રાવણ માસ દરમ્યાન પૂજારી તરીકે રાત્રી રોકાણ કરવા પર પ્રતિબંધ છે. શ્રાવણ માસ માટેના સ્ટોલ માટે પ્લોટ તથા આનંદ મેળા માટે તથા પાર્કિંગ માટે જાહેર હરરાજી શ્રી ઘેલા સોમનાથ મંદિર ખાતે તા.૨૪ ના રોજ ૧૦ કલાકે શ્રી ઘેલા સોમનાથ ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવેલ છે. રસ ધરાવનારએ જાહેર હરરાજીમાં ભાગ લેવા હાજર રહેવા સભ્ય સચિવ શ્રી ઘેલાસોમનાથ મંદિર ટ્રસ્ટ અને મામલતદાર દ્વારા જણાવાયું છે.

# જીવલેણ હુમલો કરવાના ગુન્હામાં આરોપીના જામીન મંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૦

શહેરમાં અમરજીતનગર વિસ્તારમાં રામા મંડળ રમાડવા બાબતે થયેલ જીવલેણ હુમલો કરવાના એટ્રોસિટી એકટના ગુન્હા હેઠળ પકડાયેલ આરોપીઓનો જામીન પર છૂટકારો થયો છે. આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, અમરજીતનગરની શેરીમાં રામામંડળ રમાતું હોય અને રામામંડળ રમવાવાળા કલાકારો ત્યાંના રહેવાસી નીલેશભાઈ અશોકભાઈ ચૌહાણના ગામના પાસેના હોય, જેથી નિલેશભાઈએ રામામંડળના માણસોને પોતાના ઘરે ચા પીવા માટે બોલાવાની વાત કરતા લક્ષ્મણભાઈ ધોળકીયાએ બોલાચાલી, ગાળાગાળીમાં હાથે પહેરેલ કડું મારી દેતા ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચેલ અને આ સમયે અન્ય શખ્સો અનિલભાઈ



એડવોકેટઃ જીજ્ઞેશ સભાડ | એડવોકેટઃ રણજીત મકવાણા

જગદીશભાઈ તાવીયા, અને પ્રવિણભાઈ બટુકભાઈ વાઘેલા પણ ફરિયાદીને શરીરના ભાગે ઢીકા પાટુનો માર મારતા ઇજા થવાથી હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવેલા. જયાં નીલેશભાઈએ આરોપીઓ લક્ષ્મણભાઈ છેલાભાઈ ધોળકીયા, અનિલભાઈ જગદીશભાઈ તાવીયા, પ્રવિણભાઈ બટુકભાઈ વાઘેલાની વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટી એકટની ફરીયાદ આપતા પોલીસ દ્વારા ત્રણેય આરોપીની ધરપકડ કરવામાં આવેલ અને આરોપીઓને સ્પે. એટ્રોસિટી કોર્ટ સમક્ષ રજુ કરતા તમામ આરોપીઓને જયુડિશ્યલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ ફરમાવેલ હતો.

ત્યારબાદ ઉપરોકત ત્રણેય આરોપીએ તેના એડવોકેટ મારફત જામીન પર છુટવા જામીન અરજી ગુજારી હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલા એડવોકેટે કરેલ દલીલ તેમજ તાજેતરમાં એટ્રોસિટીના ગુન્હા સબબ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના તાજેતરમાં પ્રસ્થાપિત કરેલા જુદા જુદા ચુકાદાઓને ધ્યાનમાં રાખી સ્પે. એટ્રોસિટી કોર્ટના જજે ત્રણેય આરોપીઓને જામીન પર છોડવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓના વકીલ તરીકે જિજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા રોકાયા હતા.

# ઝેરી ટીકડા ખાઈ આત્મહત્યા પ્રકરણમાં રવી ધીરૂભાઈ કોળીના આગોતરા જામીન મંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૦ઃ કેસની હકીકત કાળીપાટ ગામે રવી ધીરૂભાઈ કોળી, (ઉ.વ.૧૯) નો તે જ ગામની સંજના મનસુખભાઈ કોળી બન્નેએ કાળીપાટ ગામની વાડીમાં ઝેરી ટીકડા ખાઈ આત્મહત્યા એટલે કે મરવા નિર્ણય કરેલ. જેમાં સારવાર દરમ્યાન સંજના મનસુખભાઈ કોળી મૃત્યુ પામેલ અને રવી ધીરૂભાઈ કોળી બચી ગયેલ. જે અંગે આજીડેમ પો.સ્ટે. મનસુખભાઈ નરસીંહભાઈ ભાલારા એ ફરિયાદ નોંધાવતા રવી ધીરૂભાઈ કોળીએ તેના એડવોકેટ મારફત રાજકોટ સેશન્સ અદાલતમાં આગોતરા જામીન અરજી કરતા આગોતરા જામીન મંજૂર કરેલ છે. આ કેસમાં રવિભાઈ ધીરૂભાઈ કોળી વતી એડવોકેટ દીપક ત્રિવેદી રોકાયેલ હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ, ઉતર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

બનાસકાંઠામાં સવારથી જોરદાર વરસાદ શરૂ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૮૪ તાલુકામાં વરસાદ થયો છે. જેમાં સૌથી વધુ કપરાડા, માતર, નડિયાદ, પોશીના, મહેમદાવાદ વગેરેમાં ત્રણથી ચાર ઇંચ વરસાદ ખાબક્યો છે. હાલોલ, અમીરગઢ, ખેડા, કડાણા વગેરે વિસ્તારોમાં બેથી અઢી ઇંચ પાણી પડ્યાનું નોંધાયું છે. સીઝનનો કુલ વરસાદ રાજ્યમાં ૫૯ ટકા થઇ ગયો છે. રાજ્યમાં ૩૦ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થઇ ગયો છે, જયારે ૪૩ ડેમોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે જળરાશી આવી છે, ૨૯ ડેમોમાં ૫૦ થી ૭૦ ટકાની વચ્ચે પાણી છે, ૪૯ જળાશયોમાં ૨૫ થી ૫૦ ટકાની વચ્ચે જળસંગ્રહ છે. અત્યારે ૧૯ જળાશયોમાં ૯૦ થી ૧૦૦ ટકા વચ્ચે જળરાશી હોવાથી હાઈએલર્ટ પર છે, ૯૦ ટકા ભરાયેલા ૧૧ ડેમ એલર્ટ પર છે. વરસાદને કારણે વર્તમાન સીઝનમાં અત્યાર સુધીમાં ૬૦ હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ૧૫૧૩ જેટલા નાગરિકોનું પાણીની કેદમાંથી રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. રાજ્યમાં એનડીઆરએફની ૧૩ ટીમ અને એસડીઆરએફની ૨૧ પ્લાટુન તૈનાત છે. લગભગ તમામ ગામોમાં વિજ પુરવઠો પૂર્વરત કરી દેવાયો છે. એસટીનાં જે ૧૪૬૪૨ રૂટ બંધ હતા એ ફરી ચાલુ થઇ ગયા છે. સુરતમાં તાપી નદીની સપાટી વધી રહી હોવાથી શહેરનાં ૬ ફલડ ગેઇટ બંધ કરવામાં આવ્યા છે.(૨.૧૨)

## છૂટક વેચાણ થતું હોય એવા ૧૪ ખાદ્ય પદાર્થોને જીએસટીથી મુક્તિ

કોઈ વેરો લાગુ થશે નહીં. પ્રિ-પેકેજ અને લેબલવાળી ખાદ્યચીજો પર પાંચ ટકા જીએસટીનાં નિર્ણયનો બચાવ કરતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે, જીએસટી કાઉન્સિલની બેઠકમાં સર્વાનુમતે આ નિર્ણય લેવાયો હતો. બેઠકમાં બિનભાજપ શાસિત રાજ્યોનાં પ્રતિનિધિઓ પણ હાજર હતા. નાણામંત્રી એ એ કારણે જ સ્પષ્ટતા કરી છે કે, આવા બ્રાન્ડેડ ખાદ્ય પદાર્થો ઉપર જ વેરો છે. એ ખાદ્યચીજો છૂટક વેચાતી હોય તો કોઈ વેરો નથી.(૨.૧૨)

## અમદાવાદમાં ચિરિપાલ ગ્રુપ પર આવક વેરાના સાગમટે દરોડા

ઓપરેશનની કાર્યવાહી લાંબો સમય ચાલી શકે છે. મોટા પ્રમાણમાં કરચોરી અને કરોડોના શંકાસ્પદ વ્યવહાર બહાર આવે તેવી શક્યતા છે. ઇન્કમટેક્ષ દ્વારા બે મહિના બાદ ગુજરાતમાં મોટું ઓપરેશન કરવામાં આવ્યું છે. ફફડી ઉઠેલા અન્ય વેપારીઓ અને ઉદ્યોગ જૂથો સતર્ક થઇ ગયા છે. તહેવારો દરમ્યાન આવકવેરા વિભાગ આવું મોટું ઓપરેશન કરતુ જ હોય છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## પ્રદેશ એનએસયુઆઈ પ્રમુખ તરીકે નરેન્દ્ર સોલંકીની નિમણુંકથી પક્ષની વિદ્યાર્થી પાંખમાં રોષ અને અસંતોષ

૧૧ જુલાઈનાં રોજ એક પત્ર લખી એનએસયુઆઈનાં રાષ્ટ્રીય પ્રમુખ નીરજ કુંદનને પણ ભલામણ કરી છે અને વિદ્યાર્થી પાંખ તેમજ યુવા કોંગ્રેસમાં સક્રિય નેતાઓને પ્રદેશ માળખામાં સમાવેશ કરવામાં આવે તેવી તેમણે રજૂઆત કરી હતી. યુવા નેતાઓને હજુ ન્યાય મળ્યો ન હોવાથી રોષ જાગ્યો છે અને આગામી દિવસોમાં જો ન્યાય ન મળે તો સૌરાષ્ટ્રમાંથી યુવા કોંગ્રેસ અને એનએસયુઆઈનાં ૪૦૦ હોદ્દેદારો સહિત ૪ હજાર જેટલા કાર્યકરો કોંગ્રેસ છોડે તેવી શક્યતા આંતરિક વર્તુળો એ વ્યક્ત કરી છે.(૨.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## હરિયાણા અને ઝારખંડ બાદ ગુજરાતમાં પોલીસ પર ટ્રક ચડાવી દેવાયો

અતિત રાજન સહિતના અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને પોલીસ કર્મચારીને કચડી નાખનાર ટ્રકચાલકની શોધ ચાલુ કરવામાં આવી છે.ગઇકાલે હરિયાણામાં બનેલી ઘટના બાદ આજે ઝારખંડના રાંચીમાં એક મહિલા ટ્રાફીક એએસઆઈને ચેકીંગ સમયે ડમ્પર ચાલકે કચડી નાખ્યાની ઘટના બની છે. આ અગાઉ ત્રણ મહિના પૂર્વે મહેસાણા પાસે એક પોલીસ કર્મચારીને ચેકીંગ દરમિયાન ટ્રક ચાલકે કચડી નાખ્યો હતો અને હવે બોરસદ પાસેની ઘટનાએ પોલીસ તંત્રને ચોંકાવી દીધું છે.

## ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાતીમાં એન્જિનિયરીંગ કરી શકશે

ભણાવનો લાભ મળે તે ધ્યાને રાખીને એન્જિનિયરીંગ કોર્ષ શરૂ કરવામાં આવશે. ગુજરાતમાં અભ્યાસ માટે નવા આયોજનો થતાં રહે છે. ત્યારે હવે વિદ્યાર્થીઓ માટે એક નવી સુવિધા ઉભી કરવામાં આવી છે. હાલમાં ગુજરાતના વિદ્યાર્થીઓ એન્જિનિયરીંગ માત્ર અંગ્રેજી ભાષામાં જ ભણી શકે છે. પરંતુ હવે ગુજરાતમાં પહેલીવાર એન્જિનિયરિંગ ગુજરાતી ભાષામાં ભણી શકાય તેવી સુવિધા કરવામાં આવી છે.(૯)

## મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વ્યવસાય વેરો વસુલવાની કવાયત

# રાજકોટમાં ૨૧,૮૩૬ ઔદ્યોગિક મિલકતોને નોટીસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે પણ નવા કરદાતાઓ શોધીને કરવેરાની આવકમાં રૂા.૧૦ કરોડથી વધુનો વધારો કરવાની કવાયત ચાલુ કરી દેવામાં આવી છે. આ માટે રાજકોટ મહાપાલિકા વિસ્તારમાં નાના-મોટા ધંધાર્થીઓ અને વ્યવસાયિકો અંગે સર્વે કામગીરી પણ અવિરત ચાલુ રખાઈ છે.

રાજકોટ મનપાની ગઈકાલે મળેલી સામાન્ય સભામાં શાસક ભાજપના ડેપ્યુટી મેયર ડો.દર્શનાબેન પંડયાએ સવાલ પુછયો હતો કે, નવા વ્યવસાયિકોની નોંધણી કરવા માટે વેરા શાખા દ્વારા છેલ્લે કયારે ઝુંબેશ કરવામાં આવી છે? જેના જવાબમાં વેરા વસુલાત શાખાના આસી. મેનેજર જણાવ્યું છે કે, હાલ મિલકત વેરો ભરતા હોય એવા ૨૧,૮૩૬

### જૂના-નવા વિસ્તારોમાં નાના-મોટા ધંધાર્થીઓ અને વ્યવસાયિકો અંગે સર્વે કામગીરી પણ ચાલુ

ઔદ્યોગિક એકમોને વ્યવસાય વેરા માટે નોટીસ આપીને નવી નોંધણી, રીન્યુઅલ અને બાકી રકમ ભરપાઈ કરવા માટેની તાકિદ કરાઈ છે.

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખાના આસી. મેનેજરના જણાવ્યા પ્રમાણે, ગત નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં વ્યવસાય વેરા શાખા દ્વારા મિલકત વેરા માંગણી રજીસ્ટર પર નોંધાયેલી મિલકતોમાં કાર્યરત પેઢીઓની નોંધણી માટે ઝુંબેશ શરૂ કરી હતી. જેમાં પ્રથમ તબકકામાં પેટ્રોલ પમ્પ, મેરેજ હોલ, પાર્ટી પ્લોટ વગેરે જેવી ૩૮૫ મિલકતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જયારે બીજા તબકકામાં બેન્ક, નાણાંકીય સંસ્થા, ગેરેજ, સર્વિસ સ્ટેશન, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, મોળ અને સિનેમા ગૃહોનો સમાવેશ કરીને નોંધણી કરવા સાથે વ્યવસાય વેરો ભરપાઈ કરવાની સૂચના આપવામાં આવી હતી. હવે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ત્રીજા તબકકાના ભાગરૂપે ૨૧,૮૩૬ ઔદ્યોગિક મિલકતોને નોટીસ આપવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે.

નોંધનીય છે કે, મનપાની હદમાં ધંધો કે વ્યવસાય કરતા નાના-મોટા દરેક ધંધાર્થીઓ અને વ્યવસાયિકોને વ્યવસાય વેરો ભરવો ફરજીયાત છે. જેમાં દુકાન, શોરૂમ, કારખાના, કંપની, ભાગીદારી પેઢી, હોટલ, બેંક, વકિલ, સીએ, આર્કિટેક વગેરે તમામનો સમાવેશ થાય છે. જેઓ નિયત સમય મર્યાદામાં વ્યવસાય વેરો ન ભરે તો ૧૮ ટકા વ્યાજ પણ વસુલવામાં આવે છે.

# સહકાર ભારતી રાજકોટ દ્વારા સહકાર સંમેલનનું આયોજન



રાજકોટઃ સહકાર ભારતી રાજકોટ દ્વારા શનિવારે સહકાર સંમેલનનું આયોજન કરાયું છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા ડો.એન.ડી. શીલુ (અધ્યક્ષ-સહકાર ભારતી રાજકોટ મહાનગર) અને જયેશ સંઘાણી (મહામંત્રી-સહકાર ભારતી રાજકોટ મહાનગર) એ સહકાર સંમેલનનું આયોજનની માહિતી આપી હતી.

### શનિવારે ગુજરાત ખેતી બેન્કના નવા ચૂંટાયેલા ચેરમેન જૂનાગઢના ડોલરભાઈ કોટેચાનું સન્માન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

વિના સંસ્કાર નહી સહકારના ધ્યેય મંત્ર સાથે ૧૯૭૯ થી સમગ્ર દેશમાં કાર્યરત સહકારી ક્ષેત્રનું એક માત્ર અખિલ ભારતીય સંગઠન સહકાર ભારતી આજે એક જન આંદોલન બની ચૂક્યું છે. વિવિધ રાજકીય વિચારધારા ધરાવતા દેશભરના સહકારી આગેવાનો સહકાર ભારતીને શ્રેષ્ઠ શુદ્ધ સહકારી સંગઠન ગણે છે. એટલે જ આજે દેશના ૫૦૦ જીલ્લાઓમાં કાર્યરત છે. સહકારભારતી બહુ આયામી સાર્વજનિક અને બિનરાજકીય સંગઠન છે. સહકારીતામાં શુદ્ધિ, વૃદ્ધિ તેમજ સમૃદ્ધિ માટે સહકાર ભારતીના નિષ્ઠાવાન કાર્યકર્તાઓ સંપર્ક, સેવા, સમર્પણના ભાવ સાથે સહકારી ક્ષેત્રમાં ગુણાત્મક પરિવર્તન કટિબદ્ધ છે.

વધુમાં વધુ સંસ્કારી સહકારી સંસ્થાઓ નું નિર્માણ આવા કુશળ કાર્યકર્તાઓ કરે એ જ અમારૂ ધ્યેય છે. સહકારી મંડળીઓ મારફત વંચિતોનાં વીખરાયેલા સમૂહને સંચિત અને એકાત્મ સમાજ બનાવવો છે.

સહકારી પ્રવૃતિમાં વ્યાપેલા દૂષણો દૂર કરવાનો આ જ મહામાર્ગ છે. જાગૃત નાગરીકોને સહકારીતાની જાણકારી આપવી. પ્રચાર પ્રસાર કરવો. ટેકનોલોજીના ઉપયોગ માટે સહકારી સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા. સરકારી યોજનાનો પૂરતો લાભ અપાવવા માટે પ્રયત્નો કરવા.

રાજકોટ મહાનગર એકમ દ્વારા તાજેતરમાં ચલાવવામાં આવેલ સદસ્યતા અભિયાન દરમ્યાન ૮૦૦ થી વધુ સભ્યો બન્યા છે. આ દરેક સભાસદોના પ્રથમ વાર્ષિક સ્નેહમિલન રૂપે આ સહકાર સંમેલન તા.૨૩ ને શનિવારનાં રોજ સાંજે ૫ થી ૮ લક્ષ્મણરાવ ઈનામદાર હોલ, રાજકોટ નાગરીક સહકારી બેન્ક ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આ સંમેલનનાં સહકારી ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થા નાફકબ ચેરમેન, અધ્યક્ષ જયોતિન્દ્રભાઈ મહેતા મુખ્ય મહેમાન તરીકે પી.એસ.તીરથાણી, સંયુકત રજીસ્ટ્રાર સહકારી મંડળી રાજકોટ, વિશાલભાઈ કપૂરીયા જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી રાજકોટ, શૈલેષભાઈ ઠાકર ચેરમેન રાજકોટ નાગરીક સહકારી બેન્ક, અરવિંદભાઈ તાળા ડિરેકટર આર.ડી.સી. બેન્ક રાજકોટ ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમમાં જાણીતા સહકારી આગેવાન ડોલરભાઈ કોટેચાનું ખેતીવાડી બેન્કના ચેરમેન થતા બહુમાન કરવામાં આવનાર છે.

આ સેમીનારમાં અર્બન કો.ઓપ, બેન્ક, કેડ્રીટ સોસાયટી, કર્મચારી સોસાયટી, સેવા સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ, હાઉસીંગ સોસાયટીઓ જેવી વિવિધ પ્રકોષ્ટ નાં કાર્યકર્તાઓ વિશેષ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. એન.ડી.શીલુ અધ્યક્ષ રાજકોટ મહાનગર, જયેશભાઈ સંઘાણી મહામંત્રી રાજકોટ મહાનગર, ઉપાધ્યક્ષ હરગોપાલસિંહ જાડેજા શરાફી મંડળીઓના પ્રકોષ્ઠ સંયોજક પ્રવિણભાઈ નિમાવત,અને સહસંયોજક વિભાભાઈ મિયાત્રા તથા કારોબારી સભ્યો સર્વ મહેન્દ્રભાઈ શેઠ, વિજયભાઈ કોઠારી, દીપકભાઈ મકવાણા, નિતીનભાઈ મહેતા, પ્રચાર પ્રસારના અરૂણભાઈ નિર્મળ, વિભાભાઈ મિયાત્રા સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

### સામાન્ય લોકો સાથે દિવ્યાંગ વર્કરોને રોજગારી પુરી પડાશે

# રાજકોટમાં 'ચાયપીલા કેફે'નો પ્રારંભ

**ચાયપીલા કેફની ફકત ચા માટે બનાવવામાં આવનારી દેશની પહેલી એપ્લિકેશનઃ ઓનલાઈન ઓર્ડર બાદ ભાવમાં કોઈ વધારો નહીં**




ચાયપીલા કેફ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રિલાયન્સ રિટેઈલના સીઈઓ દર્શક મહેતા, ઓવનર આઝાદબાઈ પટેલ, રાજકોટ આઉટલેટના ઓવનર મલય ભરોડી ઉપસ્થિત રહ્યા હતા.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

સુરતથી શરૂ થયેલ ચાયપીલા કેફે હવે રાજકોટના રિલાઈન્સ મોલમાં પણ શરૂ થઈ ગયું છે. ટૂંક સમયમાં જ રાજકોટના અલગ-અલગ વિસ્તાર માં ૧૦ આઉટલેટ શરૂ થનાર છે.જેમાં દેશભર અંદાજે ૪૦૦ જેટલા આઉટલેટ શરૂ થનાર છે. જેમાં રિલાયન્સ મોલ, ઈન્ડિયન રેલવે તથા ગુજરાત ટુરિઝમના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પણ શરૂ થશે. ચાયપિલા કેફેની ડિઝાઈન જ એ રીતે તૈયાર કરવામાં આવી છે કે એ કેફે નું નવી પદ્ધતિના લુક સાથે સસ્તા દરે ફૂડને માણી શકે જેથી દરેક વર્ગના લોકો આ કેફેમાં આવી શકે. અહીં નાના બાળકોના પીઝાથી માંડીને મોટી ઉંમરના લોકો માટે પાઉંભાજી, છોલે ભતુરે જેવા ફૂડ અહીં મળી શકશે.

આ કેફેનું એક પ્રોજેકટ કેન્ટીન શાળાઓમાં ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને લઈને તે પ્રકારનું હાઈજેનિક પૌષ્ટિક આહાર આપવામાં આવે છે. જે સુરત સિવાયની બહારની શાળાઓમાં પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. ચાયપીલા કેફે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વોકલ ફોર લોકલ અભિયાનમાં પણ મહત્વપૂર્ણ ભાગ ભજવી દેશના બેરોજગાર લોકોને રોજગારી પુરી પાડશે.

જેમાં ચાયપિલ ફાઉન્ડેશન અંતર્ગત દિવ્યાંગ વર્કરો દ્વારા સંપૂર્ણ સંચાલન કરવામાં આવશે. તથા ત્યાં આઉટલેટ ઉપર કોઈ પણ ગ્રાહક પાસેથી ચાર્જ લેવાશે નહીં. ત્યાં ડોનેશન બોક્સ રાખવામાં આવશે; જ્યાં ગ્રાહકો પોતાની મરજી મુજબ ત્યાં દાન કરી શકશે.જેની ઈન્કમ પણ ચાયપીલા ફાઉન્ડેશન દ્વારા હેંડીકેપ લોકો માટે જ વાપરવામાં આવશે.

કેફે દ્વારા એક એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે. જેમાં ગ્રાહક કોઈ પણ જગ્યા ઉપરથી માત્ર ઓનલાઈન એપ્લિકેશન ઉપર ઓર્ડર કરી ચા નો ઓર્ડર કરી શકશે. જેમાં ઓનલાઈન ઓર્ડર બાદ પણ ચા ના દર માં કોઈ પણ પ્રકાર નો વધારો કરવામાં આવશે નહીં માત્ર રૂા.૧૦ રૂપિયામાં જ ગ્રાહક સુધી ચા ની સુવિધા મળી શકશે. ચાયપીલાની ફક્ત ચા માટે બનાવવામાં આવનારી ભારતની પહેલી એપ્લિશન છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

### ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના કાર્યકાળનો બે વર્ષની ઉજવણી

# બાળકોને પોષણક્ષમ આહારની કીટ અર્પણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

ગુજરાતમાં સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે ૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આજે શહેર ભાજપ દ્વારા દતક લીધેલા બાળકોને પોષણક્ષમ આહારની કીટ અર્પણ કરાઈ હતી.

### સુપોષણ અભિયાન અંતર્ગત તમામ વોર્ડમાં ભાજપ દ્વારા દત્તક લેવાયેલા બાળકો માટે પ્રેરણારૂપ સેવાકાર્ય

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં કુપોષિત બાળકોને ભારતીય જનતા પાર્ટી દ્વારા દતક લઈ તેનું મેડીકલ ચેકઅપ, પ્રોટીન પાવડર, પોષણક્ષમ આહારની કીટ અર્પણ કરી કુપોષિત બાળકોને સુપોષણ કરવાનું અભિયાન વેગવંતુ બનાવવામાં આવ્યુ છે ત્યારે સુપોષણ અભિયાનના પ્રણેતા સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે ૨ વર્ષ પુર્ણ થઈ રહ્યા છે તે અવસરે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા સુપોષણ અભિયાન અંતર્ગત શહેરના તમામ વોર્ડમાં દતક લીધેલા બાળકો માટે ફળફળાદિ, પોષ્ટીક નાસ્તો, ન્યુટ્રીશન માટેની સુપોષણ આહારયુક્ત કીટ આપવામાં આવી હતી.

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, શહેર ભાજપ ઉપપ્રમુખ વિક્રમ પુજારા, કાર્યાલય મંત્રી હરેશ જોષી, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મનપા સંચાલિત પુસ્તકાલયોમાં ૩૫૫૧૯ શહેરીજનોએ લાભ લીધો



**પુસ્તકાલયોમાં નવા ૩૭૦ સભ્યો જોડાયા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

મહાનગરપાલિકા સંચાલિત દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય તથા બાબુભાઈ વૈધ લાયબ્રેરી તથા ડો.બાબાસાહેબ આંબેડકર લાઈબ્રેરી, બહેનો અને બાળકો માટેના ફરતા પુસ્તકાલયો યુનિટ ૧ તથા યુનિટ -૨. મહિલા એકટીવિટી સેન્ટર, મહિલા વાંચનાલયમાં સભ્યોની ડિમાન્ડ અને નવ પ્રકાશિત પુસ્તકો જેવા કે સાહિત્ય, નવલકથા, વિધાર્થી ભાઈઓ તથા બહેનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો લાઈબ્રેરીઓમાં વસાવવામાં આવેલ તથા બાળકો માટે નવી સ્ટોરી બુક રમકડા, પઝલ,ગેમ્સ, પણ ઈસ્યુમાં મુકવામાં આવેલ છે.

જેનો શહેરના નાગરિકો દ્વારા બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે. જુન માસ દરમ્યાન મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીમાં ૩૫૫૧૯ નાગરિકોએ મુલાકાત લઈ લાભ લીધેલ છે. તેમજ ૩૭૦ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા છે. શહેરીજનો આ લાઈબ્રેરી સેવાઓનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવો રાજકોટ મહાનગરપાલિકા તરફથી અનુરોધ કરવામાં આવે છે. તેમ જણાવ્યું છે.

# જામીન વિવાદમાં કરેલ હુમલાના આરોપીનો આગોતરા જામીન મંજુર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાજકોટમાં નીર્મળા રોડ ઉપર જામીન વિવાદ ના કારણે સામ - સામે પાઈપ, ધોકા, છરી વડે હુમલો કરવાના ચકચારી બનાવમા આરોપી લાલા પટેલને કોર્ટે આગોતરા જામીન ઉપર મુકત કરતો હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરના નીર્મળા રોડ ઉપર વાસ્તુ એસ્ટેટ નામની ઓફીસ ધરવતા ધર્મેન્દ્ર ચુનીલાલ રાવલે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમા વિશાલ મહેતા અને લાલો પટેલ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવેલી કે ધર્મેન્દ્ર ચુનીલાલ રાવલે પોતાની વાસ્તુ એસ્ટેટ નામની ઓફીસે હતા ત્યારે લાલા પટેલે શાપર ખાતેના પ્લોટ બાબતનો ખાર રાખી અને બળજબરી



પુર્વક પ્લોટ પડાવી લેવા માટે ઓફીસ બહાર બોલાવી વિશાલ મહેતા અને લાલા પટેલે ગાળો આપી વિશાલ મહેતાએ છરી વડે ઈજા કરી અને લાલા પટેલે ધોકા વડે માર મારી બનાવની ફરીયાદ આપી હતી બંને આરોપીઓ પૈકી લાલા પટેલે તેના એડવોકેટ સુરેશ ફળદુ મારફત સેસન્સ અદાલતમા આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે ચાલવા ઉપર આવતા બંને પક્ષેની રજુઆતો, રેકર્ડ પરની હકીક્તો તેમજ પોલીસના સોગંદનામા, ફરીયાદી હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ છે . ફરીયાદી તથા સાહેદનો આક્ષેપ જોતા તેમજ મોટાભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ હોય કસ્ટ્રોડીયલ ઈન્ટ્રોગેશનની આવશ્યકતા જણાતી ન હોય અરજદારની તરફેણમા ઉપયોગ કરવાનુ મુનાસીફ માની અરજદારને આગોતરા જામીનપર મુક્ત કરતો હુકમ ફરમાવામાં આવેલો છે.

આ કેસમાં આરોપી લાલા પટેલ વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંધન વીરડીયા, ભાવીક ફેફર, કિશન માંડલીયા અને મીહીર દાવડા રોકાયેલ હતા.

# ખુની હુમલો કરવાના ગુન્હામાં આરોપીના આગોતરા જામીન મંજુર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાજકોટની ભાગોળે આવેલ સાતળા ગામે આવેલ જમીન વિવાદમાં થયેલ સશસ્ત્ર ધીંગાણામાં થયેલ ખુની હુમલાના ગુન્હામાં આરોપીના આગોતરા જામીન સેશન્સ અદાલત દ્વારા મંજુર કરવામાં આવેલ છે. આ કેસની હકીકત મુજબ રાજકોટના ભાગોળે આવેલ સાતડા ગામના મહિપત ગોરધનભાઈ મેઘાણીનાએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં પોતાની ફરિયાદમાં જણાવેલ કે બનાવના દિવસે તેઓ પોતાના ટ્રેકટરમાં ડીઝલ પુરાવી સાતડા ગામ તરફ જતા હતા ત્યારે સાતડા ગામના પાટીયા પાસે બે ગાડીઓ ભરીને માણસો આવેલ જેમા વલક, ભાવેશ કોટક, પરેશ ડાભી ભરવાડ તથા અન્ય માણસો હતા. જેઓએ ફરિયાદી સાથે બોલાચાલી કરી તારે કેમ અમારી જમીનમાં કબ્જો કરવો છે ? તેમ કહી કહાડી, ધોકા, લાકડી, પાઈપ જેવા જીવલેણ હથીયારોથી ફરિયાદી ઉપર ટુટી પડતા ફરિયાદીના કપાળ ઉપર કુહાડી મારેલ તે દરમ્યાનમાં ફરિયાદીના સગા વ્હાલા આવી જતા ફરિયાદીને વધુ માર માંથી છોડાવેલ અને ફરિયાદી ઉપર ખુની



એડવોકેટઃ તુષાર ગોકાણી

હુમલો થતા અર્ધ બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડતા ફરિયાદી ભાનમાં આવ્યા બાદ પોતાની ફરિયાદ આપેલ હતી જેથી એરપોર્ટ પોલીસ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો. ફરિયાદીએ પોલીસની ધરપકડથી રક્ષણ મેળવવા રાજકોટ સેશન્સ અદાલતમાં તેમના એડવોકેટ મારફતે આગોતરા જામીન અરજી દાખલ કરતા કોર્ટે અરજદાર ભાવેશ કોટકના આગોતરા જામીન મંજુર કરવામાં આવેલ હતા.

આ કેસમાં આરોપી તરફે એડવોકેટ તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, ઈશાન ભટ્ટ, વિરમ ધ્રાંગીયા, નદીમ ધંધુકીયા, રોકાયેલ હતા.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી કો-ઓડીનેર કમરૂભાઈ ભાયાણીનો આજે જન્મદિવસ

રાજકોટઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી કો-ઓડીનેર કમરૂભાઈ ઘેલાભાઈ ભાયાણીનો આજે જન્મદિવસ છે. કમરૂભાઈ ઘેલાભાઈ ભાયાણી મુળ બોટાદ જીલ્લાના તુરખા ગામના વતનના હોય અને તેને નાની ઉંમરમાં જ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની વિચારધારા સાથે સંકળાયેલા હોય અને કોંગેસ પક્ષનું સંગઠન વધુ મજબુત બનાવવાનો પ્રયત્ન કરે છે. શહેર કોંગ્રેસના સંગઠન મંત્રી તરીકે ફરજ બજાવે છે. તથા શહેરના મહામંત્રી ત્યારબાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસીના મહામંત્રી તરીકે ફરજ બજાવેલ છે. તેમજ ગુજરાતના મીર સમાજ તેમજ કોંગ્રેસ પરીવાર તેઓનો મો.નં.૯૭૨૬૦ ૨૫૫૫ પર શુભેચ્છા આપી રહ્યા છે. ત્યારે કમરૂભાઈ ભાયાણીને 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ...



**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
email:-saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

**RECRUITMENT**

**DESIGNATION**
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

**EXPERIENCE**
Experienced / Freshers

**WORKING HOURS**
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

**ADDRESS**
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com

Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## કાલે ગોંડલમાં પેજ સમિતિના ૫૦ હજાર સભ્યોનું મહાસંમેલન તથા બાઈક રેલી

# ગોંડલ અને રાજકોટમાં સી.આર.પાટીલનો 'વન ડે વન ડિસ્ટ્રીક્ટ' કાર્યક્રમ

### શુક્રવારે રાજકોટ સર્કિટ હાઉસ ખાતે કાર્યકર્તાઓ અને શુભેચ્છકો સાથે મુલાકાત : ડોકટર, સી.એ, વકીલ, એન્જીનિયરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, બિલ્ડરો સાથે બેઠક



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્ય સી.આર.પાટીલનો તા.૨૧-૨૨ જુલાઈના રોજ રાજકોટ જીલ્લામાં વન ડે-વન ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમ અંગેની વિસ્તૃત માહિતી આપતા જીલ્લા ભાજપ અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, મહામંત્રીઓ નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલાની સંયુક્ત યાદીમાં જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલનો વન ડે-વન ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમ તા.૨૧ ના રોજ ગોંડલ ખાતે તેમજ તા.૨૨ના રોજ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, જીલ્લા સંગઠન પ્રભારી મહેન્દ્રસિંહ સરવૈયા, રક્ષાબેન બોળીયા, ધારાસભ્યઓ જયેશભાઈ રાદડિયા, કુંવરજીભાઈ બાવળીયા, ગીતાબા જયરાજસિંહ જાડેજા, લાખાભાઈ સાગઠીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રમેશભાઈ ધડુક સહિતના હોદેદારઓ ઉપસ્થિત રહેશે.

ગોંડલ ખાતે તા.૨૧ જુલાઈના રોજ વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૦૦૦થી વધુ બાઈક સવારો કેશરી ટોપી-ખેસ સાથે ગોંડલના મુખ્ય માર્ગો ઉપર ફરશે. ગોંડલના મુખ્ય ચોક, બજારોમાં આતશબાજી તથા પુષ્પવર્ષા કરીને બાઈક રેલીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ ગોંડલ માર્કેટિંગયાર્ડ ખાતે રાજકોટ જીલ્લાના પેજ સમિતિના ૫૦ હજાર સભ્યોનું વિશાળ સંમેલન રાખવામાં આવેલ છે. આ સંમેલનમાં અધ્યક્ષ સી.આર.પાટીલ કાર્યકર્તાઓને આગામી વિધાનસભાની ચૂંટણી અને સંગઠનલક્ષી માહિતી આપી કાર્યકર્તાઓનો જોમ અને જુસ્સો વધારીને કેશરીયો માહોલ સર્જશે.

શહેરમાં હેમુ ગઢવી હોલ તેમજ બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર,કાલાવડ રોડ ખાતે વન ટુ વન બેઠકો તથા વિશાળ સંમેલનો યોજવામાં આવશે. આ સંમેલનમાં રાજકોટમાં વકીલો, શિક્ષકો, નિવૃત અધિકારીઓ, સહકારી આગેવાનો, સરપંચઓ, ખેડૂત આગેવાનો, ઉદ્યોગપતિઓ, દિવ્યાંગો, સરકારની સહાયના લાભાર્થીઓ, સાધુ-સંતો

| કાર્યક્રમની વિગત | સ્થળ | સમય |
|---|---|---|
| કાર્યકર્તાઓ અને શુભેચ્છકો સાથે મુલાકાત સાધુ-સંતો, | સર્કિટ હાઉસ, રાજકોટ | સવારે ૮:૩૦ કલાકે |
| ધાર્મિક સંસ્થાઓ, સાહિત્યકારો, કલાકારો સાથે બેઠક | હેમુ ગઢવી હોલ, રાજકોટ (મોટો હોલ) | સવારે ૧૦ કલાકે |
| દિવ્યાંગો, લાભાર્થીઓ, વિધવા બહેનો, શ્રમીકો સાથે બેઠક | હેમુ ગઢવી હોલ, રાજકોટ(મોટો હોલ) | સવારે ૧૧:૧૫ કલાકે |
| શિક્ષકો, નિવૃત અધિકારીઓ, કર્મચારીઓ સાથે બેઠક | શ્રી સ્વામિનારાયણ અક્ષર મંદિર હોલ, કાલાવડ રોડ, રાજકોટ | બપોરે ૧૨:૩૦ કલાકે |
| સહકારી આગેવાનો, ખેડૂત આગેવાનો, વિવિધ સામાજીક આગેવાનો, વિવિધ સ્વૈછિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે બેઠક તથા સરપંચ સંવાદ | શ્રી સ્વામિનારાયણ અક્ષર મંદિર હોલ, કાલાવડ રોડ, રાજકોટ | બપોરે ૨:૩૦ કલાકે |
| ડોક્ટર, સી.એ.,વકીલ, એન્જીનીયરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, બિલ્ડરો સાથે બેઠક | હેમુ ગઢવી હોલ, રાજકોટ (મોટો હોલ) | બપોરે ૪ કલાકે |
| પરિવારક્ષેત્રના આગેવાનઓ સાથે બેઠક | સંઘ કાર્યાલય, રાજકોટ | સાંજે ૫ કલાકે |

તથા સંઘ પરિવારના આગેવાનો સાથે આગામી ચૂંટણીલક્ષી રણનીતિ અંગે સ્થળોએ જુદી-જુદી બેઠકો તથા સંમેલનો યોજવામાં આવશે. તેમ જીલ્લા ભજાપ મીડિયા ઈન્ચાર્જ અરૂણ નિર્મળએ જણાવ્યું છે.

### યુવાનોને લશ્કરી ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક

## રાજકોટમાં ૧૫મી ઓકટોબરથી આર્મી ભરતી મેળો



**૧લી ઓગસ્ટે અધિકૃત જાહેરનામું બહાર પડશે, કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઈ સમીક્ષા બેઠક**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

શ્કરી ક્ષેત્રમાં કારકીર્દી બનાવવા ઈચ્છુક સૌરાષ્ટ્રભરના યુવાઓ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આર્મી ભરતી રેલીનું આયોજન થવા જઈ રહ્યું છે. જેના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે મિટિંગ યોજાઈ હતી.

આ આયોજન અંગે વિગતો આપતાં જામનગરનાં લશ્કરી ભરતી દળના નિયામક કર્નલ જી.એસ.ચહલે જણાવ્યું હતું કે, તા.૧૫ ઓકટોબર થી ૫ નવેમ્બર સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે તબક્કાવાર રાજકોટ, જામનગર, પોરબંદર, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, ગીર સોમનાથ, મોરબી, દેવભૂમિ દ્વારકા અને પાટણ જિલ્લાના ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨નો અભ્યાસ પૂર્ણ કરેલાં સાડા સત્તર વર્ષથી લઈને ત્રેવીસ વર્ષ સુધીની આયુ ધરાવતાં ઉમેદવારો આ ભરતી પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. આર્મી ભરતી રેલીનું અધિકૃત જાહેરનામું ૧ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવશે.

આર્મી ભરતી મેળાના સુચારૂ આયોજન અંગે કલેકટર અરૂણ મહેશ બાબુએ વિગતવાર ચર્ચા કરતાં જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવા નક્કર આયોજન સાથે યુવાઓને કોઈપણ પ્રકારની મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તેનું ખાસ ધ્યાન રાખવા સુચન આપ્યું હતું. ઉપરાંત બહારગામથી આવતાં યુવાનોને પરિવહનની સેવા અને ટ્રાફિક વ્યવસ્થા અંગે સંબંધિત અધિકારીઓ સાથે પરામર્શ કર્યો હતો. આ સાથે યુવાઓના સ્વાસ્થ્યને પ્રાથમિકતાં આપતાં કલેકટરો સ્થળ પર કાર્ડીયોલોજીસ્ટ, મેડીસીન ઓફિસર્સ, મેડીકલ સ્ટાફ સહિતની ટીમને સ્ટેન્ડ બાય રહેવા પર ભાર મુક્યો હતો. યુવાનો માટે એનર્જી ડ્રિંક જેમ કે, લીંબુ પાણી, છાશ અને ફુડ પેકેટની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં રિક્રુટમેન્ટ મેડિકલ ઓફિસર મેજર વિક્રાંત તલવાર, કેપ્ટન જયદેવ જોશી, નાયબ નિયામક રોજગાર જે.ડી.જેઠવા, મદદનીશ નિયામક રોજગાર સી.જે.દવે, પી.આઈ. વી.આર.પટેલ, જિલ્લા રમત ગમત અધિકારી વી.પી.જાડેજા, આચાર્ય આઈ.ટી.આઈ. એન.પી.રાવલ, કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિદ્યુત વિભાગના જી.પી.નાંઢા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચલાલાઃ કથીવદર ગામને પુલની સુવિધા મળી નથી



**ભારે વરસાદથી નદીમાં પુર આવતા શિક્ષકો ફસાયા**

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૦

વિકાસશીલ ગુજરાતમાં ગામડાઓની પરિસ્થિતિ ચોમાસા દરમ્યાન નજરે આવતી હોય છે ત્યારે આ વિકાસશીલ ગુજરાતમાં આવેલ ધારી તાલુકાના કથીવદર ગામની પરિસ્થિતિ ચોમાસામાં સંપર્ક વિહોણું થઈ જાયછે. ચલાલાથી માત્ર ત્રણ કિલોમીટરના અંતરે આવેલ આ ગામમાં ત્રણ શિક્ષકનું રેસ્ક્યુ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓ પણ ફસાયા હતા જેને બચાવવામાં આવ્યા હતા. આ ગામને જોડતો કોઈ પુલ નથી. આ બાબતે કથીવદર ગામના સરપંચ ચમ્પુભાઈ વાળાના જણાવ્યા અનુસાર આ ગામની દર વર્ષે આ પરિસ્થિતિ નિર્માણ થાય છે. ચોમાસા દરમ્યાન નદીઓમાં પુર આવે ત્યારે આવતા જતા લોકોને પુર ઓસરે ત્યાં સુધી બેસી રહેવું પડે છે અને પાણી ઓસર્યા બાદ વાહન વ્યવહાર અને ગામના લોકો અવરજવર કરી શકે છે. ગામનાં સરપંચે ધારાસભ્ય જે.વી. કાકડીયાની સાથે રહીને જિલ્લામાં રજૂઆતો કરી છે પરંતુ આજદિન સુધી કામની માગ પૂર્ણ થઈ નથી.

## કાલે ૧૮૨ યુવાઓ એક દિવસ માટે ગુજરાત વિધાનસભાનું સંચાલન કરશે

**અમરેલી જિલ્લાના ૯ યુવાઓ મંત્રી અને ધારાસભ્ય ભૂમિકામાં**

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૦

ગુજરાત વિધાનસભાનું સંચાલન કરવા માટે રાજયનાં યુવાઓને એક દિવસની જવાબદારી સોંપીને રાજય સરકારનાં રાજયનાં યુવાઓની પ્રતિભા બહાર લાવવાનાં ભાગરૂપે ૨૧ જુલાઈ એટલે કે ગુરૂવારે એક દિવસ માટે મુખ્યમંત્રી, વિધાનસભાના અધ્યક્ષ અને પ્રધાન મંડળ તેમજ ધારાસભ્યોની ભૂમિકા યુવાઓ ભજવશે.

જેમાં અમરેલી જિલ્લામાંથી ૯ યુવાઓની પસંદગી કરીને તેમાંથી ૪ને મંત્રીની અને પાંચને ધારાસભ્યની ભૂમિકા સોંપવામાં આવી છે.

જેમાં પૂર્વ કૃષિમંત્રી દિલીપ સંઘાણીના લઘુબંધુ અને યુવા આઈકોન મુકેશ સંઘાણીના દીકરા હર્ષ સંઘાણી કૃષિમંત્રી, મનન ચાવડા શિક્ષણમંત્રી, માનસી ઠાકોર મત્સ્યઉદ્યોગ અને પ્રિન્સ ડાયાણી સામાજિક ન્યાય મંત્રી તેમજ ભાજપ અગ્રણી તુષાર જોષીનાં દીકરા દેવ જોષી તેમજ ધુન ચૌહાણ,પાંજલ મેનન, ખુશી રાજયગુરૂ અને હેત્વી વઘાસીયા ધારાસભ્યની ભૂમિકા ભજવશે.

આમ ગુરૂવારે વિધાનસભામાં જિલ્લાનાં ૪ યુવાઓ મંત્રી બનવાનાં હોય સમગ્ર જિલ્લામાંથી યુવાઓ ઉપર અભિનંદન અને શુભેચ્છાનો વરસાદ થઈ રહ્યો છે.

## ચાતુર્માસ આગમ ઓળવવાનો કાર્યક્રમ સંપન્ન



**પૂ.સાધનાબાઈ મહાસતીજી અને પૂ.વિમલાજી મહાસતીજી આદી ઠાણાની નિશ્રામાં ૨૯ પચ્ચકખાણની અનુમોદના**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

રાજકોટમાં અનેક ઉપાશ્રયમાં પૂ. સાધુ-સાધ્વીજી બિરાજમાન છે. દરેક જગ્યાએ જ્ઞાનવાણિનો ચાતુર્માસ દરમ્યાન કાર્યક્રમ રહેશે. ગોંડલ સંઘાણી સંપ્રદાયના શાસન દિપક બા.બ્ર. પૂ.શ્રી નરેન્દ્રમુનિ મ.સા.ના આજ્ઞાનુવર્તિ સાધક બેલડી પૂ. બા.બ્ર. જય-વિજય મહાસતીજીના સુશિષ્યાઓ શ્રુતનિધિ બા.બ્ર. પૂ. સાધનાબાઈ મહાસતીજી આદી ઠાણા-૬ ની નિશ્રામાં શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે એવમ સાધ્વીરત્ના પૂ. વિમલાજી મહાસતીજી આદી ઠાણાની નિશ્રામાં રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના આંગણે આગમ ઓળવવાનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ-સી.એમ.શેઠ પૌષધશાળામાંથી ૧૭ પચ્ચકખાણ અને શેઠ ઉપાશ્રય જૈન સંઘમાંથી ૧૨ પચ્ચકખાણ કરવામાં આવેલ હતા. બન્ને ઉપાશ્રયમાં તપ-જપ અને વ્યાખ્યાનના પચ્ચકખાણની અનુમોદના થયેલ હતી. ચાતુર્માસ આગમ વાંચનનું ખૂબ જ મહત્વ છે અને આવો અનેરો લાભ લઈને આરાધકો જયશ્રીબેન પારેખ, લક્ષ્મીબેન જૈન, ઉષાબેન શાહ, ભારતીબેન શાહ, ગીરીશભાઈ ગોડા, માલતીબેન આશરા, રમેશભાઈ સંઘવી, શિલાબેન ગાંધી, ઈન્દુબેન મોદી, પુજાબેન શેઠ, નિતાબેન કોઠારી, સુમિત્રાબેન જૈન, ધીરજબેન મહેતા, વિણાબેન સંઘવી, નિલાબેન દોશી, પ્રિતીબેન બીલખીયા, મનોજભાઈ શેઠ, રંજનાબેન ઉદાણી વિ.એ પચ્ચકખાણ લીધેલા હતા.

## ગ્રેટર રાજકોટ ચેમ્બરની નવી કારોબારીની રચના



**પ્રમુખ તરીકે રાજીવભાઈ દોશી તથા માનદ મંત્રી તરીકે ઉપેનભાઈ મોદીની સર્વાનુમતે વરણી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ગુજરાતના વેપાર ઉદ્યોગના પ્રશ્નો, વિકાસ, પ્રગતિ અને ઉત્થાન માટે છેલ્લા બે દાયકા સતત કાર્ય કરતી અને વેપાર ઉદ્યોગના જટિલ પ્રશ્નો માટે વાદ વિવાદ નહીં પણ સંવાદની ભૂમિકા ભજવી અને કાયદાકીય રીતે પણ મહત્વના પ્રશ્નોને વાચા આપવા જેનો સિંહ ફાળો છે.

તેવી ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝની આગામી બે વર્ષ ૨૦૨૨-૨૪ માટે સંપૂર્ણ લોકશાહી પદ્ધતિથી યોજાયેલી ચૂંટણીમાં ચૂંટણી કમિશનર તરીકે જાણીતા શિક્ષણવિદ ગોવિંદભાઈ ખૂંટ, પ્રો. જે. એમ. પનારા, અને સી.એ. પી. ટી. માંકડિયાના ત્રણ વ્યક્તિના બનેલા ચૂંટણી પંચ દ્વારા નિયત સમય મર્યાદા કોઈપણ જાતના વાદ વિવાદ વગર ચૂંટણી કાર્ય સંપન્ન કરેલ.

જેમાં ૨૫ કારોબારી સભ્યોને સર્વાનુમતે ચૂંટાયેલા જાહેર કરેલ, ચૂંટણી પરિણામ બાદ ચૂંટણી પંચની ઉપસ્થિતિમાં નવા નિમાયેલા કારોબારી સભ્યોની પ્રથમ મિટિંગમાં આગામી બે વર્ષ માટે હોદેદારોની સંપૂર્ણ સર્વાનુમતે સાથે સભ્યોની વરણી કરવામાં આવી.

## ખખડધજ એસ.ટી.બસોમાં ટપકના વરસાદી પાણી



**ચોમાસામાં બસની અંદર પણ મુસાફરોને છત્રી લઈને બેસવું પડે એવી દયનીય સ્થિતિ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ગુજરાત સરકારના એસ.ટી.નિગમની પ્રથમ જવાબદારી મુસાફર જનતાને સરળ,ઝડપી અને વાજબી ભાડામાં સલામત મુસાફરી પૂરી પાડવાની છે. પણ ગરીબ અને મધ્યમવર્ગના લોકોની સંજીવની સમાન વાહન વ્યવહાર સેવા જ હાલ ખખડધજ બની છે. વર્ષાઋતુમાં મુસાફર જનતાએ છત્રી સાથે મુસાફરી કરવાની ફરજ પડી રહી છે.

ગઈકાલે મંગળવારના રોજ ભાવનગર ડેપોની રાજકોટથી બપોરે એક વાગ્યે ઉપડતી, રાજકોટ-ભાવનગર ઈન્ટરસિટી મીની બસ જ્યારે ઢસા પહોંચી ત્યારે ઝરમર વરસાદ શરૂ થયો હતો. બસ જ્યારે રંઘોળા પહોંચવામાં હતી કે, મેઘરાજાએ મન મુકીને ગોહિલવાડ પર વરસવાનું શરૂ કર્યું હતું. ૩૨ બેઠક ધરાવતી બસમાં છત પરથી અને બારીઓમાંથી વરસાદનું પાણી બસમાં પડતું હતું. મુસાફરો ઠંડીમાં ભીંજાતા ભીંજાતા જ મુસાફરી કરી રહ્યા હતાં. આ સમયે બેઠક નંબર ૨૩ અને ૨૪ના કોઈ એક મુસાફર પાસે છત્રી હોવાથી બંને મુસાફરોએ છત્રી રક્ષણ સાથે જ મુસાફરી પૂર્ણ કરી હતી.

સલામત સવારી, એસ.ટી. અમારી તથા સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ જેવાં સૂત્રો મુસાફર જનતા માટે માત્ર લોભામણી જાહેરાત જેવાં જ સાબિત થયા છે.

## ઓપન ગુજરાત કરાટે સ્પર્ધામાં રાજકોટના ખેલાડીઓનો સુંદર દેખાવ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

અખિલ ગુજરાત કરાટે ડો એસોસિએશન દ્વારા ઓપન ગુજરાત કરાટે સ્પર્ધાનું નડીયાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના બધા જ જીલ્લાઓમાંથી આશરે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

જેમાં રાજકોટના પ્લાનેટ કરાટે એકેડેમીમાંથી ૨ વિદ્યાર્થીઓ તથા ૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ બે ગોલ્ડ મેડલ, ત્રણ સિલ્વર મેડલ અને ત્રણ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. નિશાદ કાન્હા તુફાનીભાઈ (ફાઈટમાં ગોલ્ડ), પીઠવા સુકિર્તી જીતેન્દ્રભાઈ (ફાઈટમાં ગોલ્ડ) તેમજ શર્મા અભિનવ વિજયભાઈ (ફાઈટ અને કાતામાં સિલ્વર), પીઠવા કાવ્યા જીતેન્દ્રભાઈ (ફાઈટમાં સિલ્વર) તેમજ યાદવ ભવ્યા સરોજ (ફાઈટમાં બ્રોન્ઝ), બુદ્ધદેવ ઈસ્વા સુનિલભાઈ (ફાઈટમાં બ્રોન્ઝ), પીઠવા કાવ્યા જીતેન્દ્રભાઈ (કાતામાં બ્રોન્ઝ મેડલ હાંસલ કરેલ. આ બધા જ વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓ પ્લાનેટ કરાટે એકેડેમીમાં છેલ્લા ૩-૪ વર્ષથી કરાટે કોચ ચૌહાણ સચિન આર. પાસે ટ્રેનીંગ લે છે. આ સિદ્ધિ મેળવવા બદલ સમગ્ર ઠેર-ઠેરથી અભિનંદનવર્ષા થઈ રહી છે.

## કોળી ઠાકોર સમાજના મહિલા પ્રમુખ અરૂણાબેન મગવાનીયાનો આજે જન્મદિવસ



રાજકોટઃ રાજકોટ શહેર ચુંવાળીયા કોળી મહિલા સમાજના પ્રમુખ અને ગુજરાત ઠાકોર સમાજ કેળવણી ટ્રસ્ટ રાજકોટ શહેરના મહિલા પ્રમુખ અરૂણાબેન મગવાનીયાનો આજે જન્મદિવસ છે. તેઓ હરહંમેશને માટે સામાજીક ક્ષેત્રમાં સમુહલગ્ન, વિદ્યાર્થી સન્માન સમારોહ, દાંડીયારાસ, વેલનાથ જયંતી, માંધાતા રથયાત્રા, જીવનસાથી પરિચય મેળો, કોળી ઠાકોર સમાજના વિવિધ કાર્યક્રમોમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

## શુક્રવારે બાસ્કેટ બોલ-હાઈટ હંટનું આયોજન


(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

સ્પોટ્ર્સ આથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજયમાં ચાલતી બાસ્કેટ બોલ એકેડમી અને ડી.એલ.એસ.એસ.માં વર્ષ ૨૦૨૨-૨૩માં નવા ખેલાડીઓના પ્રવેશ માટે રાજકોટ જિલ્લામાં અસાધારણ ઉંચાઇ ધરાવતા ભાઈઓ અને બહેનો માટે બાસ્કેટ બોલ-હાઇટ હંટનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજન તા.૨૨ ના રોજ શુક્રવારે સવારે ૧૦ કલાકે લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય, સદર બજાર, રાજકોટ ખાતે રાખેલ છે. ઉમેદવારોએ પોતાનું આધાર કાર્ડ અને જન્મના દાખલા સાથે હાજર રહેવાનું રહેશે. હાઇટ-હંટ સિલેકશનમાં ૧૦ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૪૬ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૪૮ સે.મી., ૧૧ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૫૦ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૫૪ સે.મી., ૧૨ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૫૪ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૬૦ સે.મી., ૧૩ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૬૦ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૬૫ સે.મી., ૧૪ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૬૪ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૭૩ સે.મી., ૧૫ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૬૮ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૮૦ સે.મી., ૧૬ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૭૦ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૮૬ સે.મી., ૧૭ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૭૪ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૮૮ સે.મી., ૧૮ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૭૫ સે.મી. તથા ભાઈઓની ઉંચાઈ ૧૯૦ સે.મી., ૧૯ વર્ષના બહેનોની ઉંચાઈ ૧૭૫ સે.મી.થી વધુ તથા ભાઈઓની ઉંચાઈ ૧૯૦ સે.મી.થી વધુ હોવી જોઈએ તેમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવેલ છે.

## અવસાન નોંધ

રાજકોટ: ગુજરાતી શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ અત્રી ગોત્ર (ચંદ્રાત્રી) કોઠારીયા નિવાસી સ્વ.દેવશંકર ત્રિકમજી જોષીના પુત્ર નટવરલાલ દેવશંકર જોષી (ઉ.વ.૯૮), તે લોધિકા નિવાસી ભોગીલાલ ભગવાનજી ભટ્ટના જમાઈ, તે સ્વ.શૈલેષભાઈ તથા કૃષ્ણકાંતભાઈના પિતાનું તા.૧૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બન્ને પક્ષનું બેસણું તથા ઉઠમણું તા.૨૧ ને ગુરૂવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે જાગનાથ મહાદેવ મંદિર, કોઠારીયા મુકામે રાખેલ છે.



રાજકોટ: ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના સ્વ.પ્રવિણભાઈ માવજીભાઈ જાવિયાનું (ઉ.વ.૬૨) તા.૧૭ ના રોજ અવસાન થયું છે. તે સ્વ.માવજીભાઈ નથુભાઈ જાવિયાના પુત્ર તેમજ આનંદભાઈ (પત્રકાર) તેમજ પાર્થભાઈ તેમજ પૂજાબેન જયદિપકુમાર સાપરીયાના પિતા તેમજ દામજીભાઈ તેમજ પરષોતમભાઈ તેમજ દિનેશભાઈ (પત્રકાર) ના ભાઈનું બેસણું તા.૨૧ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬, વાળંદ સમાજની વાડી, શાળા નં.૪૭ પાછળ, લક્ષ્મીનગર ખાતે રાખેલ છે.

# સ્કૂલ સ્ટેશનરીના ભાવોમાં ૪૦ ટકાનો તોતિંગ વધારો



## શિક્ષણ સાથે સંકળાયેલી વસ્તુઓના ભાવમાં વધારાના પગલે વાલીઓ પર બોજો પડશે

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૨૦

સ્કૂલ અને ઓફિસ સ્ટેશનરી સહિતની આઇટમોમાં ૧૮ ટકા જીએસટીના અમલના પગલે ચાલુ વર્ષે સ્ટેશનરીના ભાવોમાં તોતિંગ ૪૦ ટકા જેટલો વધારો થયો છે. માત્ર જીએસટી નહીં, પરંતુ કાગળનો ભાવ વધારો અને ટ્રાન્સપોર્ટેશનમાં પણ થયેલા વધારાના પગલે છેલ્લા ૩૦ થી ૪૦ વર્ષમાં પહેલીવાર એક વર્ષમાં આટલો જંગી વધારો થયો છે. સ્ટેશનરીની અગાઉ જે વસ્તુઓ પર ૫ ટકા અને ૧૨ ટકાનો જીએસટી લેવાતો હતો તેની પર હવે ૧૮ ટકા જીએસટી લેવાશે. જેથી વાલીઓ પર બોજો વધશે.

દેશના નાણાં મંત્રાલય દ્વારા જીએસટીના દરોમાં કરેલા ફેરફારમાં સ્કૂલ સ્ટેશનરી અને ઓફિસ સ્ટેશનરીના દરો પણ ૧૮ ટકા કરી દીધા હોવાનું જાણવા મળે છે. જીએસટીના દરોમાં થયેલા વધારા બાદ સ્ટેશનરીના ભાવોમાં ચાલુ વર્ષે ૪૦ ટકા જેટલો તોતિંગ વધારો થયો છે. સ્ટેશનરીમાં પેન, પેન્સિલ, રબર, સંચા અને નકશા સહિતની બધી વસ્તુઓ ૧૮ ટકાના સ્લેબમાં લાવી દેવામાં આવી છે. અગાઉ આ પૈકી અમુક વસ્તુઓ ૫ ટકાના સ્લેબમાં અને અમુક ૧૨ ટકાના સ્લેબમાં આવતી હતી. જો કે હવે તમામ વસ્તુઓ ૧૮ ટકાના સ્લેબમાં આવતા તેના ભાવો વધશે.

સ્ટેશનરીના ભાવોમાં થયેલા વધારામાં આ વખતે પહેલીવાર ૪૦ ટકા જેટલો તોતિંગ વધારો થયો હોવાનું સ્ટેશનરી એસો. દ્વારા જણાવાયું હતું. ભાવ વધારા પાછળ માત્ર જીએસટી નહીં, પરંતુ કાગળના ભાવો અને ટ્રાન્સપોર્ટેશનમાં વધારો પણ કારણભૂત છે. અગાઉ કાગળ રૂા. ૬૦ કિલોના ભાવે મળતા હતા પરંતુ હાલમાં તેના ભાવ રૂા. ૯૦ સુધી પહોંચી ગયા છે. આમ, કાગળના ભાવમાં જ ૫૦ ટકા જેટલો વધારો થયો છે. કાગળના ભાવ વધારાની અસર પુસ્તકો, નોટબુક સહિતની સ્ટેશનરી પર પડી છે.

આ ઉપરાંત ટ્રાન્સપોર્ટેશનના ભાવોમાં પણ વધારો થયો છે. દેશમાં સતત પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારા બાદ સ્ટેશનરી માટેના ટ્રાન્સપોર્ટેશનના ભાડા પણ વધ્યા હતા. અગાઉ જે ટ્રાન્સપોર્ટેશનના રૂ. ૪ હજાર થતા હતા તેના હાલમાં રૂા. ૬ હજાર સુધીનું ભાડુ લેવામાં આવી રહ્યુ છે. આમ, ટ્રાન્સપોર્ટેશનમાં પણ સરેરાશ ૩૦ થી ૪૦ ટકાનો વધારો નોંધાયો છે. જેના પગલે સ્ટેશનરીના ભાવોમાં મોટા તફાવત જોવા મળી રહ્યો છે.

**જીએસટીના દરોમાં વધારો, કાગળના ભાવમાં વધારો અને ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થતાં ભાવ વધ્યા, સ્કૂલ અને ઓફિસ સ્ટેશનરીની આઇટમો પણ મોંઘી થઇ**

## સી.આર.પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષપદે બે વર્ષ પૂર્ણ થતા શુભેચ્છા પાઠવતા ભૂપત બોદર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે આજે પોતાના કાર્યકાળના બે વર્ષ પૂર્ણ થવાના અવસરે શુભેચ્છા પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવ્યું હતું કે, પ્રદેશ અધ્યક્ષ તરીકે સી.આર. પાટીલએ પોતાના રાજનૈતિક જીવનના બહોળા અનુભવથી છેલ્લા બે વર્ષોમાં સંગઠનની સાંકળને મજબુત બનાવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે તમામ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીની સરકાર મોદીએ કંડારેલી વિકાસને કેડીને આગળ વધારી રહી છે.

પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના નેતૃત્વમાં છેલ્લા બે વર્ષમાં રાજયમાં વિવિધ સ્થળોએ યોજાયેલ પેટાચૂંટણી અને સ્થાનિક સ્વરાજની ચૂંટણી, નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો જવલંત વિજય થયો છે. સમગ્ર રાજયમાં પાર્ટી દ્વારા પેજપ્રમુખ અને પેજસમિતિ કામગીરીને ચોમેર બીરદાવવામાં આવી છે. લોકશાહી પર્વમાં ભાજપના સતત વિજયના સારથિ બનેલા સી.આર. પાટીલને ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકેની બે વર્ષની અનેક સફળતાઓ માટે હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ હતું.(૧૩.૧૧)

### ગત સપ્તાહ દરમ્યાન રાજકોટ રાજપથ લી. દ્વારા કરાઈ કામગીરી

## ૬ કંડક્ટરને ટેમ્પરરી અને એક કંડકટરને કાયમી ધોરણે સસ્પેન્ડ

### RMTS દ્વારા ખાનગી એજન્સી પાસેથી રૂ.૩ લાખ અને BRTS દ્વારા રૂ.૫૦૦નો દંડ વસુલાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાજકોટ મહાનગરપાલિકાની પરિવહન સેવાઓનું સંચાલન અને નિયંત્રણ કરતી SPV- રાજકોટ રાજપથ લી. દ્વારા ગત તા.૧૧ થી ૧૭ જુલાઇ સુધીમાં કરવામાં આવેલી કામગીરી વિગત પ્રમાણે શહેરીજનોને ૪૬ રૂટ પર ૯૧ સિટી બસ દ્વારા સેવા પુરી પડાઇ છે. જેમાં કુલ ૧,૮૦,૭૭૫ મુસાફરોએ લાભ લીધો હતો. સિટી બસ દ્વારા કામમાં ક્ષતિબદલ ખાનગી એજન્સીઓને રૂ.૩ લાખનો દંડ કરવામાં આવ્યો હતો તેમજ બસ સેવાની કામગીરીમાં ગેરરીતી સબબ ૬ કંડકટરને ટેમ્પરી અને એક કંડકટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ત્યારે બીજી બાજુ ટિકિટ વગર મુસાફરી કરતા ૨૦ મુસાફર પાસેથી રૂ.૨,૨૦૦નો દંડ વસુલાયો હતો.

BRTS બસની વિગત પ્રમાણે, શહેરીજનોને કુલ ૧૮ રૂટ પર BRTS સેવા પુરી પાડે છે. જેમાં ગત સપ્તાહ દરમ્યાન કુલ ૧,૫૮,૫૨૩ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો. BRTS દ્વારા કામમાં ક્ષતિ બદલ ખાનગી એજન્સીને રૂ.૫૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

સિટી બસ અને BRTS બસ સેવામાં નાગરિક દ્વારા સિટી બસ સ્ટોપ, પીક અપ સ્ટોપ વગેરે જેવી મનપાની જાહેર મિલકત હોય, તેના પર પોતાની અંગત જાહેરાત લગાવવી તે દંડનિય તથા કાયદેસરનાં પગલા લેવાને લાયક છે. બાબતે પરિવહન સેવામાં સુપરવાઇઝરી સ્ટાફ મારફતે કાર્યવાહી કરાવવામાં આવેલ છે. તેમ રાજકોટ મહાનગરપાલિકાની યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**

### રાષ્ટ્રીય કક્ષાના કોચ દ્વારા મૂલ્યાંકન કરાશે

## રવિવારે સરદાર પટેલ સ્નાનાગર ખાતે સ્વિમિંગ સ્પર્ધા

### આવતીકાલ સુધીમાં નામ નોંધણી કરવી લેવા ફરજીયાતઃ વિવિધ પ્રકારની ૫૬ સ્પર્ધા તથા ૬ રીલે સ્પર્ધા યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

સૌરાષ્ટ્રની રમત-ગમત પ્રિય જનતા માટે અગામી તા.૨૪ને રવિવારના રોજ એક ભવ્ય તરણ સ્પર્ધાનું આયોજન ધ ફ્યુચર સ્ટાર સ્પોર્ટ કલબ દ્વારા રાજકોટ કોઠારિયા રોડ સ્થિત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર ખાતે યોજાશે. ઓપન સૌરાષ્ટ્ર સ્વિમિંગ ચેમ્પિયનશીપ-૨૨ જેમાં રાજકોટ તથા રાજકોટથી બહારના પણ ખેલાડી ભાઈઓ તથા બહેનો ભાગ લેવા આવશે.

વિવિધ એઈજ ગ્રુપમાં તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે, જેના એઈજ ગ્રુપ (૧) ૧૧ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. કીકીગ બોર્ડ, ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, (૨) ૧૭ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફ્લાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, ૪૫૦ ફ્રી સ્ટાઇલ રીલે (૩) ૨૫ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફ્લાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, ૪૪૫૦ ફ્રી સ્ટાઇલ રીલે (૪) ૪૦ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફ્લાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, ૪૫૦ ફ્રી સ્ટાઇલ રીલે, (૫) ૬૦ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફ્લાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક (૬) ૬૦ વર્ષથી ઉપરના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફ્લાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક. સ્પર્ધામાં ભાગ લેવા માટે જીજ્ઞેશ રાવલ (મો. ૯૭૧૪૯ ૯૯૩૯૩) પર સંપર્ક કરી પોતાનું ફોર્મ લઈ તા.૨૧ સુધીમાં પોતાનું નામ નોંધણી કરવું ફરજીયાત છે, તા.૨૨ પછી કોઈપણ નામ નોંધવામાં નહીં આવે જે નોંધ લેવા પાત્ર છે. આ સ્પર્ધાને સફળ બનાવવા કેવલ રાઠોડ, દીવ્યરાજસિંહ જાડેજા, જીજ્ઞેશ રામાવત, અંકિત સાવલિયા સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.(૧૩.૧૧)

### પ્રમુખ ગોપાલ ઇટાલીયાના જન્મદિવસ નિમિતે સેવાયજ્ઞ

## કાલે આમ આદમી પાર્ટી યુથ વિન્ગ દ્વારા રકતદાન કેમ્પ

### સવારે ૯ થી ૧ વાગ્યા સુધી નાગર બોર્ડિંગ ખાતે કેમ્પ યોજાશે



'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા આમ આદમી પાર્ટી યુથ વિન્ગ ટીમના યોગરાજસિંહ જાડેજા, નૈમેષભાઈ પાટડીયા, વિજયસિંહ જાડેજા, ઇમરાનભાઈ કામદાર, અહેમદભાઈ સાઘ, પ્રભાતભાઇ હુંબલ, પ્રણવભાઈ ગઢવી, મહાવીરસિંહ જાડેજા, હાર્દિકભાઈ પંડ્યા અને મિલનભાઈ સોજીત્રા તસવીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

શહેર આમ આદમી પાર્ટી યુથ વિન્ગ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન આવતીકાલ તા.૨૧ને ગુરૂવારના રોજ સવારે ૯ વાગ્યાથી ૧ વાગ્યા સુધી નાગર બોર્ડીંગ , વિરાણી સ્કૂલની સામે રાજકોટ ખાતે આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ગોપાલભાઈ ઇટાલીયાના જન્મદિવસ નિમિત્તે સેવાકીય કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ આયોજનને સફળ બનાવવા માટે પ્રદેશ સંગઠન મંત્રી અજીતભાઈ લોખિલ તથા પ્રદેશ યુવા પ્રમુખ પ્રવીણભાઈ રામના માર્ગદર્શન હેઠળ યુવા ટીમમાંથી યોગરાજસિંહ જાડેજા, નૈમેષભાઈ પાટડીયા, વિજયસિંહ જાડેજા, ઇમરાનભાઈ કામદાર, પ્રભાતભાઇ હુંબલ, પ્રણવભાઈ ગઢવી, મહાવીરસિંહ જાડેજા, હાર્દિકભાઈ પંડ્યા, મિલનભાઈ સોજીત્રા તથા યુવા ટીમના દરેક કાર્યકર્તાએ જેહમત ઉઠાવી રહ્યા છે. આ સેવાકીય યજ્ઞમાં રાજકોટની જાહેર જનતા તથા આમ આદમી પાર્ટીના ક્રાંતિકારી સાથીઓને નમ્ર અપીલ તથા ભાવભર્યું આમંત્રણ આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવી રહ્યું છે.

તો આ સેવાકીય કાર્યમાં તમામ નાગરિકોને જોડાઈને જરૂરિયાતમંદ લોકો માટે લોહી એકત્રિત કરી જરૂરિયાત મંદ લોકોને મદદરૂપ થઈ શકાય તેવા હેતુ સાથે નમ્ર અરજ અને અપીલ કરવામાં આવે છે તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

## અખિલ ભારતીય યાદવ મહાસભાના નવનિયુકત આગેવાનોનું કરાયું સન્માન



**ધારાસભ્ય અમરીશ ડેર, મેયર પ્રદીપ ડવ, વિપક્ષી નેતા પ્રભાત કોઠીવાળની કાર્યકારી અધ્યક્ષ તરીકે વરણી**

**(કિરીટ જોટવા દ્વારા)**

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લાના આહીર સમાજના રાજકીય અગ્રણીઓને મળેલી નવ નિયુક્તિ માટે અમરેલી જિલ્લા આહીર યુવા મંચના નેજા હેઠળ રાજકીય નિયુક્તિ સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમા રાજુલાના યુવા ધારાસભ્ય અમરીશ ડેરની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવતા અને રાજકોટના યુવા મેયર તરીકે નિયુક્ત થયેલા એવા ડો. પ્રદીપ ડવ, અમરેલી જિલ્લા પંચાયતના વિપક્ષી નેતા એવા પ્રભાતભાઈ કોઠીવાળની અખીલ ભારતીય ઓબીસી મહાસભાના ગુજરાત પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્તિ થતા આ ત્રણેય મહાનુભાવોના સન્માનનો કાર્યક્રમ અમરેલી આહીર બોર્ડીંગ ખાતે અખિલ ભારતીય યાદવ મહાસભાના પ્રમુખ ભીખુભાઇ વારોતરીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમા સમાજના નવ નિયુક્ત રાજકીય હોદેદારો સન્માનીત કરવામાં આવ્યા હતા.રાજુલા ધારાસભ્ય અમરીશ ડેર, રાજકોટ મેયર પ્રદીપ ડવ, સહીત તમામ તાલુકા ના આહીર સમાજના પ્રમુખ અને આહીર સમાજના લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

## રાજકોટનાં club9 જીમનાં ખેલાડીનો સ્ટેટ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં દબદબો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

ગુજરાત સ્ટેટ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ અમદાવાદ ખાતે યોજાય હતી. સમગ્ર ગુજરાત સ્ટેટના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ચેમ્પિયનશિપમાં રાજકોટમાં આવેલ club9 જીમના ૧૯ વર્ષના ધવલ સાગઠિયા એ ૭૪ કિગ્રામાં ભાગ લીધો હતો. ધવલે સ્કવોટ, બેંચ અને ડેડલિફ્ટ ઈવેન્ટમાં કુલ ૪૧૦ કિગ્રા વજન ઉંચકી પ્રથમ ક્રમ મેળવી રાજકોટના પ્રથમ યુવા માસ્ટર તરીકેનું બહુમાન મેળવ્યું છે.

તેમજ ગત મહિનામાં આઝાદીકા અમૃત મહોત્સવના ભાગરૂપે સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત રેસકોર્સ વ્યાયામશાળામાં ડેડલિફ્ટ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પણ club9 જીમના ખેલાડીઓનો દબદબો રહ્યો હતો. ધવલ સાગઠિયા ૭૪ કિગ્રામાં પ્રથમ સ્થાન પર રહ્યો હતો, તેમજ ૧૩૦ કિગ્રામાં પણ પ્રથમ સ્થાન પર રાહીલ વૈષ્નાનીએ વિજય મેળવ્યો હતો અને ૮૩ કિગ્રામાં રવિન્દર બિસ્ત બીજા સ્થાને રહ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

## જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટનું વિતરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર-બેલડા સ્વ.નાનકભાઈ અને સ્વ.મસ્તાનભાઈની પુણ્યસ્મૃતિમાં વંચિત સમાજના જરૂરિયાતમંદ પરિવારોને અનાજ-કરિયાણાની કીટનું વિતરણ કરાયું હતું. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ વર્ષ અંતર્ગત ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી અને એમના દ્વારા સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા આ પ્રેરક સેવા-યજ્ઞ છે.

છેલ્લા ૪૦ વર્ષથી ખાદી-ગ્રામોદ્યોગ-રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)ની સેન્ટ્રલ ખાદી માર્ક કમિટી તથા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના ચેરમેન, લોકસેવક, ખેડૂત આગેવાન, જગતાત ફલજીભાઈ રાહાભાઈ ડાભીના પૌત્ર ગોવિંદસિંહ દાજીભાઈ ડાભી તેમજ સહકારી-રચનાત્મક ક્ષેત્રના ગોવિંદભાઈ જાદવ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. તેમ યાદીમાં જણાવાયું છે.(૧૩)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**



Dt.20-07-2022 8
બુધવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

### ના છેડો હમે હમ સતાયે હુવે હૈ, બહોત ઝખ્મ દિલપે ખાયે હુવે હૈ

# મારી તબિયત બરાબર નથી: કમલેશ મિરાણી



### એનઓસી માટે મકાન માલિક પાસે એક લાખ રૂપિયા માંગ્યા હોવાનો કોર્પોરેટરના પતિનો ઓડિયો વાયરલ થયો હતો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦: શહેરના વોર્ડ નં.૬ના કોર્પોરેટર મંજુબેન કુંગશિયાના પતિ ઘનશ્યામ કુંગશિયાએ સામા કાંઠે આવેલ ભોજલરામ સોસાયટીમાં મકાન ધરાવતા દિપક ટુડિયાને મકાન વેંચવા માટે સોસાયટીનું એનઓસી આપવા માટે રૂ.૧ લાખની માંગ કરી ગાળો આપતા હોવાનો ઓડિયો વાયરલ થતા ખળભળાટ મચી જવા પામી હતી. શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ વોર્ડ પ્રમુખ ઘનશ્યામ કુંગશિયાને આજે રૂબરૂ બોલાવી પુછપરછ કરશે તેમ જણાવ્યું હતું. ઘનશ્યામ કુંગશિયાને રૂબરૂ બોલાવી પુછપરછ કરી કે કેમ? તે અંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ કહયું હતું કે, છેલ્લા બે દિવસથી મારી તબિયત બરાબર નથી.

### આહારથી આરોગ્ય સુધી બધુ મોંઘુ કરતા પાંચ ટકા જીએસટી સામે સૌરાષ્ટ્રની વેપારી આલમમાં ઉગ્ર રોષ

# અનાજ, કઠોળ, દહીં, છાસ જેવી ચીજો અને હોસ્પિટલ રૂમ પરનો વેરો પાછો ખેંચવા માંગણી

**નવા લાદવામાં આવેલા વેરા અંગે ફેર વિચારણા કરવા કેન્દ્ર સરકારને ચેમ્બરની રજૂઆત**

### ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનું નિવેદન, સૌરાષ્ટ્રના MSME, નાના વેપારીઓ અને સામાન્ય વર્ગને મરણતોલ ફટકો પડશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

દેશમાં દહીં, અનાજ, કઠોળ, લસ્સી, છાસ, માખણ, ચોખા, ઘઉંનો લોટ, ગોળ વગેરે પર લાદવામાં આવેલા પાંચ ટકા જીએસટી વેરાનો સૌરાષ્ટ્રની વેપારી આલમનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાએ ઉગ્ર વિરોધ કર્યો છે અને વેરો પાછો ખેંચી લેવા કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો છે. ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સરકારને એવી લેખિત રજૂઆત કરવામાં આવી છે કે, જીએસટીના અમલથી સૌરાષ્ટ્રના MSME, નાના વેપારીઓ અને સામાન્ય જનતાને મરણતોલ ફટકો પડશે. સરકારે MSMEને પ્રોત્સાહન આપવા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના નેજા હેઠળ સરળતાથી ધંધો થાય તેવું માળખું ઉભું કરવા અને જીએસટીથી ગરીબ પ્રજા મોંઘવારીમાં પીસાઈ નહીં એ જોવાની નીતિ અપનાવી હતી. પરંતુ આવશ્યક ખાદ્યચીજો પર પાંચ ટકા જીએસટીને કારણે આ નીતિની વિરૂધ્ધના સુધારા લાગુ કરાયા છે.

ગ્રેટર રાજકોટ ચેમ્બર દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે, દહીં, લસ્સી, માખણ, છાસ, પનીર, કુદરતી મધ, અનાજ, કઠોળ, મમરા, પૌવા, ઘઉંનો લોટ, મકાઈ, ચોખા, જુવાર, બાજરો, રાગી, ગોળ વગેરે પર પાંચ ટકા જીએસટીને કારણે અનાજ- કરિયાણાનાં દુકાનદારો, દાણાપીઠના વેપારીઓ, નાના ધંધાર્થીઓને ગંભીર અસર થશે. આ ચીજોના ભાવ વધશે અને મોંઘવારી બેકાબુ થશે.

લેખિત રજૂઆતમાં એવું પણ ધ્યાન દોરવામાં આવ્યું છે કે, સબ મર્સીબલ પંપ, ડીપવેલ, ટ્યુબવેલ, સેન્ટ્રીફ્યુગલ પંપ પર ૧૮ ટકા જીએસટી લાદી દેવાયો છે. જેનાથી આ કોમોડીટીના હજારો નાના ઉદ્યોગકારોને ફટકો પડશે. ખેતીવાડી સાથે સંકળાયેલ હોવાથી ખેડૂતો પર ગંભીર અસર થશે. એ જ રીતે દરેક પ્રકારના ખાદ્યતેલ પર જીએસટી કાયદાની જોગવાઈ મુજબ મળવા પાત્ર રીફંડ બંધ કરાયું છે. જે ખાદ્યતેલ ઉદ્યોગ અને ઓઈલમીલ ઉદ્યોગને મરણતોલ ફટકો છે.

કેન્દ્ર સરકાર પરના પત્રમાં દર્શાવાયું છે કે, ડેરી ઉદ્યોગની મશીનરી પર ૧૮ ટકા જીએસટી લાગુ કરાયો છે. હકીકતે આ ઉદ્યોગ ખૂબ જ નાનો અને લઘુ ઉદ્યોગની કેટેગરીમાં આવતો ધંધો છે. તેથી જીએસટી તેના માટે આકરો સાબિત થશે. એગ્રીકલ્ચર પ્રોડક્ટ, અનાજ, કઠોળ વગેરેને ક્લીનીંગ, સોર્ટીંગ અને ગ્રેડિંગ કરવાની મશીનરી ઉપર પણ ૧૮ ટકા જીએસટી લાગુ કરાયો છે. પરિણામે આ કામકાજ સાથે સંકળાયેલા તમામ માટે ગંભીર અસરો સર્જાશે. ગ્રેટર રાજકોટ ચેમ્બરના પ્રમુખ રાજીવભાઈ દોશી, ઉપપ્રમુખ ઈશ્વરભાઈ બાંભોલીયા અને ડાયરેક્ટર એડવોકેટ દેવાંગ પીપળીયા એ રજૂઆતમાં જણાવ્યું છે કે, હોટેલ ઉદ્યોગમાં રૂ.૧ હજાર સુધીના ભાડા પર ૧૨ ટકા જીએસટી લાગુ કરાયો છે. જેનાથી નાના હોટેલ સંચાલકો અને ગેસ્ટ હાઉસ ઉદ્યોગને ગંભીર અસર થશે.

બહારગામથી આવતા નાના વેપારીને ખર્ચ વધી જશે. જેની સીધી ગંભીર અસર પર્યટન ઉદ્યોગને પણ થશે. ૭૫૦ રૂપિયા સુધીના રીક્ષા ભાડા, ટ્રાન્સપોર્ટ ખર્ચ વગેરે પર હવેથી આરસીએમ ભરવાની જવાબદારી લાગુ કરાઈ છે. આથી માર્કેટિંગ યાર્ડ તથા દાણાપીઠના વેપારીઓ, નાના ધંધાર્થીઓ જેઓ મોટાભાગે માલ-સામાનની હેરફેર નાની રીક્ષા કે અન્ય વાહનમાં કરતા હોય છે એમના માટે આરસીએમ ભરવાની જવાબદારી આકરી થઇ પડશે. પત્રમાં છેલ્લે દર્શાવ્યું છે કે, રૂ.૫ હજારથી વધુ ચાર્જ ધરાવતા હોસ્પિટલના રૂમ (આઈસીયુ સિવાય) પર પાંચ ટકા જીએસટી લાગુ થયો છે. જેનાથી હોસ્પિટલમાં સારવારનો ખર્ચ વધી જશે. એટલે આવનારા વેરાની દુરગામી અસરો તથા નાના વેપારીઓને સામાન્ય જનતાને થનારી પારાવાર હાલાકી, મોંઘવારી ધ્યાનમાં લઇ સુધારાઓ અંગે સરકાર ફેર વિચારણા કરે એવી ગ્રેટર રાજકોટ ચેમ્બરનાં આગેવાનોએ જોરદાર માંગણી કરી છે.(૨.૧૨)

### રાજકોટ એનએસયુઆઈના પ્રમુખ રોહિતસિંહ રાજપૂતે ટ્વીટર પર સૂચક ટકોર કરી

# પ્રદેશ એનએસયુઆઈ પ્રમુખ તરીકે નરેન્દ્ર સોલંકીની નિમણુંકથી પક્ષની વિદ્યાર્થી પાંખમાં રોષ અને અસંતોષ

### શહેર જિલ્લામાં સંગઠનમાં સક્રિય યુવાનોને જ એનએસયુઆઈમાં નિયુક્ત કરવા શહેર અને જિલ્લા કોંગ્રેસનાં હોદ્દેદારો સહિતના આગેવાનોની પ્રદેશ પ્રમુખને રજૂઆત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા રાજકોટ શહેર અને જિલ્લા કોંગ્રેસ સંગઠનમાં ફેરફારો અને નિમણુંકો સામે હવે પક્ષની વિદ્યાર્થી સંગઠન પાંખમાં પણ ભારે નારાજગીનું વાતાવરણ ઉભું થયું છે. પ્રદેશ એનએસયુઆઈના પ્રમુખની નિમણુંકથી ઠેરઠેર વિદ્યાર્થી નેતાઓમાં અસંતોષ ભડકી ઉઠ્યો છે. શહેર અને જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ પણ આ મુદ્દો હાથમાં લીધો છે. આગેવાનો એ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરને ખાસ પત્ર પાઠવી સક્રિય યુવા વિદ્યાર્થી નેતાઓની જ એનએસયુઆઈમાં નિમણુંક કરવા અનુરોધ કર્યો છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદિપ ત્રિવેદી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અર્જુન ખાટરીયા, શહેર કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ સંજય અજુડીયા, પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખો ડો.હેમાંગ વસાવડા અને ગાયત્રીબા વાઘેલા તેમજ પ્રદેશ કોંગ્રેસ મહામંત્રીઓ અશોક ડાંગર, જશવંતસિંહ ભટ્ટી, ડી.પી.મકવાણા તથા ભરત મકવાણા એ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરને લેખિત રજૂઆત કરી છે. પત્રમાં દર્શાવ્યું છે કે, રાજકોટ શહેર- જિલ્લાના કોંગ્રેસના દરેક કાર્યક્રમોમાં હંમેશા સહભાગી રહેતા તથા વિદ્યાર્થીઓ- યુવાનોના પ્રશ્નોને વાચા આપવા માટે સતત પ્રયત્નશીલ રહી કોંગ્રેસની વિચારધારાને લોકો સુધી પહોંચાડવામાં અને સંગઠન મજબુત કરવામાં એનએસયુઆઈનાં આગેવાનોનો સિંહફાળો રહ્યો છે. વિદ્યાર્થી પાંખમાં આવનારા સમયમાં થનારી હોદ્દાઓની નિમણુંકમાં સક્રિય યુવા વિદ્યાર્થી નેતાઓની મોકલાવેલી યાદી મુજબ નિમણુંક થાય તેની સંગઠનને ખાસ જરૂરિયાત છે. જો આવા નેતાઓની નિમણુંક થશે તો સંગઠનને ખૂબ જ ફાયદારૂપ નીવડશે.

દરમ્યાન રાજકોટ એનએસયુઆઈ પ્રમુખ રોહિતસિંહ રાજપૂતે ટ્વીટ કરી તાજેતરની નિમણુંકો પ્રત્યે નારાજગી દર્શાવી છે. તેમણે ટ્વીટ કર્યું છે કે, ‘મહેનત કરવાવાળાની કદર કરજો. ગયા પછી બધા તેના વખાણ કરતા હોય છે, એ વખાણનો શું મતલબ જે ગયા પછી થાય. ખબર નથી આગળ હજુ શું સ્થિતિ આવશે’. આ ટ્વીટમાં તેમણે પ્રભારી રઘુ શર્મા, રામકિશન ઓઝા, નીરજ કુંદન, શક્તિસિંહ ગોહિલ, પૂર્વ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ વિધાનસભા વિપક્ષ નેતા પરેશ ધાનાણીને ટેગ કર્યા છે.

તાજેતરમાં પ્રદેશ એનએસયુઆઈના પ્રમુખ તરીકે નરેન્દ્ર સોલંકીની નિમણુંક બાદ વિદ્યાર્થી પાંખમાં ભારે રોષ જોવા મળ્યો છે અને અન્યાય થયાના સૂર ઉઠી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં પણ એનએસયુઆઈના સક્રિય નેતાઓને યોગ્ય હોદ્દા ન મળતા ભારે નારાજગી જોવા મળી છે. સક્રિય નેતાઓને નિમણુંક આપવા રાજકોટ શહેર અને જિલ્લા કોંગ્રેસના નેતાઓએ પ્રદેશ અને રાષ્ટ્રીય કક્ષાએ નેતાગીરીને લેખિત ભલામણ કરી છે. છતાં સક્રિય યુવા નેતાઓને અન્યાય થયો હોવાથી ચૂંટણી પૂર્વે ભંગાણ સર્જાવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

કોંગ્રેસના ધારાસભ્ય અંબરીશ ડેર, લલિત કગથરા અને ઋત્વિજ મકવાણા એ ગત

(અનુ.પાના નં.૪ ઉપર)

**રાજકોટમાં મંગળવારે એક દિવસમાં કોરોનાના ૩૯ પોઝિટિવ કેસ નોંધાયા, ૭ દર્દીઓને રજા અપાઈ: કુલ કેસની સંખ્યા ૬૪,૧૩૮ થઈ, જયારે અત્યાર સુધીમાં કુલ ૬૩,૫૦૫ દર્દીઓ સાજા થયા**

# ત્રણ દિવસના બ્રેક બાદ આજે રસીકરણ શરૂ



(તસવીર: રાજેશ ભટ્ટી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: રાજકોટમા સતત ત્રણ દિવસ વેક્સિન ખાલી થઈ જતા વેક્સિનેશન અટક્યું હતું. ગત સપ્તાહે બુસ્ટર ડોઝ શરૂ કરવામાં આવતા ૨ દિવસમાં જ ૬ હજારથી વધુ લોકોએ ડોઝ મેળવી લીધો હતો. જેને પગલે મહાપાલિકાના આરોગ્ય વિભાગ પાસે રહેલો વેક્સિનનો જથ્થો ખાલી થઈ ગયો હતો, રવિવારે વધારાની વેક્સિન સરકાર પાસે મંગાવી લેવામાં આવી હતી. જોકે બુસ્ટર ડોઝના જથ્થાની જરૂરિતા મુજબ વેક્સિન ન આવતા સતત ત્રણ દિવસે વેક્સિન લાભાર્થીઓને મળી શકી નહોતી. વેક્સિનની અછત સર્જાઈ હતી.ત્યારે ગઇકાલે રાત્રે ડોઝ આવતા આજે રાબેતા મુજબ રસીકરણ શરૂક કરવામાં આવ્યું હતું. રાજકોટમાં અંદાજિત ૮ લાખ લોકોને પ્રિકોશન ડોઝ આપવામાં આવશે. છેલ્લા ત્રણ દિવસમાં સ્ટોક અને વ્યવસ્થા પ્રમાણે લોકોને ડોઝ આપ્યા હતા. ડોઝની અછતને લીધે એટલે કે ટેકનિકલ કારણોસર વેક્સિનેશન બંધ રહ્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# મુંજકાની આવાસ યોજનાના લાભાર્થીઓ આજ સુધી ફ્લેટથી વંચિત





(તસવીર: પંકજ ડાભી)

### આવાસના પુરેપુરા રૂ.૫.૫૦ લાખ ભરી દીધા છતાં આવાસની સોંપણી રૂડાએ કરી નથી : લાભાર્થીઓએ કલેકટર અને રૂડા તંત્રને આવેદનપત્ર પાઠવ્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૦

રાજકોટ શહેરના છેવાડે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પાછળ આવેલા મુંજકા ગામના છેડે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા લોઅર ઇન્કમ ધરાવતા ૭૮૪ પરિવારો માટેની આવાસ કોલોનીની જાહેરાત ૨૦૧૭માં થઈ હતી. જે બાદ ૨૦૧૭માં ડ્રો પણ થયા હતા.અને આસામીઓએ આવાસના પુરેપુરા રૂ.૫.૫૦ લાખ ભરી દીધા હતા. છતાં પણ આજદિન સુધી આસામીઓને ફ્લેટની ફાળવણી થઈ નથી. આ મામલે આસામીઓએ દ્વારા કલેકટર અને રૂડા તંત્રને આવેદન પત્ર પાઠવી ઉગ્ર શબ્દોમાં પોતાના આવાસની ફાળવણી કરવા માંગ કરવામાં આવી હતી.

આ અંગે લાભાર્થીએ મીડિયાને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના રૂડા સ્કીમ નં. ૧૩ ફાઇનલ પ્લોટ નં. ૩૯માં મેં ૨૦૧૭માં ફાર્મ ભરેલ હતું. જેનો ડ્રો તા.૧૭/૦૨/૨૦૧૭ના રોજ રોજ થયો હતો. જેમાં મને આવાસની ફાળવણી થઈ હતી. ૨૦૧૭થી ૨૦૧૯ની વચ્ચે અમે હપ્તા ભરતા હતા. એમાં બે દિવસ પણ મોડુ થાય તો રૂડા દ્વારા દિવસના ૧૨% લેખે પેનલ્ટી મારવામાં આવતી હતી. ૨૦૧૯ સુધીમાં અમે આવાસના સંપૂર્ણ હપ્તા ભરી દીધા હતા.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ૨૦૨૦ જાન્યુઆરીમાં પજેશનની તારીખ આપેલ હતી. છતાં ફ્લેટ મળ્યા નથી. ૨૦/૦૭૨૦૨૨ના રોજ રૂડા દ્વારા આવાસ યોજનાનું કામ ૮૦% થયું છે તેમ કહ્યું હતું. અનેક રજૂઆત કરતાં રૂડાના અધિકારી ત્રણ ત્રણ મહિનાના વાયદા આપેલ છે. જેનો હજી સુધી કોઈ નિરાકરણ આવેલ નથી. ૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ રૂડાના અધિકારીઓ દ્વારા મીડિયા સમક્ષ એવો વાયદો આપ્યો હતો કે ૩૧/૦૩/૨૦૨૨ના રોજ આવાસની સૌપણી કરી દેવામાં આવશે.

માર્ચ મહિના પછી હવે જ્યારે રૂડામાં જઇએ તો એવું કહેવામાં આવે છે કે ૧૫ દિવસમાં સોંપણી થઇ જશે પરંતુ આજ સુધી ફાળવણી થઈ નથી. કોન્ટ્રાકટર સાથે ચર્ચા થતાં અમને એવું જણાવવામાં આવેલ છે કે કામ પરિપૂર્ણ થતાં ૩ થી૪ મહિના લાગશે. આમ રૂડાના અધિકારી અને કોન્ટ્રાકટર વચ્ચે સાંઠગાઠ થઈ ગઈ છે. જેથી અમારી રજૂઆત છે કે જે રીતે રૂડાના અધિકારીઓએ ૧૨% વ્યાજ લીધેલ છે એજ રીતે અમોને રૂડા આવાસના લાભાર્થીને અમારો ફ્લેટ આપો અથવા તો રૂડા દ્વારા ૧૨% વ્યાજ લેખે મકાન ભાડું ચુકવવામાં આવે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.